આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૩ માર્ચ, ૨૦૧૩ના રોજ લેવાનારી મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ ખંડ - ૧ : પ્રશ્નપત્ર - ૧

જાન્યુઆરી, ૨૦૧૩ | સમય : સવારે ૯ થી ૧૨ | કુલ ગુણ : ૧૦૦

स्वामिनारायण
BAPS

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

**☞ પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ: તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ..........................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..........................................

**☞ નીચે દર્શાવેલી સૂચનાઓ વાંચવા ખાસ વિનંતી :-**

૧. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.
૨. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**
૩. જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.
૪. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.
૫. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના કે પુરવણી જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.
૬. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**
૭. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.
૮. **પરીક્ષાખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧ (૪) | |
| | ૨ (૪) | |
| | ૩ (૪) | |
| | ૪ (૪) | |
| | ૫ (૯) | |
| વિભાગ - ૧, કુલ ગુણ (૨૫) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૬ (૧૨) | |
| | ૭ (૮) | |
| | ૮ (૧૨) | |
| | ૯ (૮) | |
| વિભાગ - ૨, કુલ ગુણ (૪૦) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧૦ (૫) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૩) | |
| | ૧૩ (૬) | |
| | ૧૪ (૧૫) | |
| વિભાગ - ૩, કુલ ગુણ (૩૫) | | |

પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી

..........................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યા વગર પરત મોકલવું.

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્ર. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **[૪]**

૧. ભગવાનને વિષે પરિપૂર્ણ સ્નેહ કોને કહેવાય ?

..........................................................................................................

..........................................................................................................

૨. કેવો મનુષ્ય હરિભક્ત હોય તોપણ શ્રીજીમહારાજને તેની સાથે બને નહીં ?

૩. જે ભક્તના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે તે ભક્ત શું પામે છે ? અને શું કરે છે ?

૪. જેને કુશાગ્રબુદ્ધિ હોય તેને શાની પ્રાપ્તિ થાય છે ?

**પ્ર. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** **[૪]**

૧. એ ચારે નિષ્ઠાવાળાને વિષે કોઈ અધિક ન્યૂન છે કે આ ચારે તુલ્ય છે ?

૨. 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગ્રતિ સંયમી । યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥' એ શ્લોકનો અર્થ શો ?

૩. શ્રીહરિના મતે સત્પુરુષના ગુણ કઈ સમજણે ન આવે ?

૪. ગ.પ્ર.૨૧માં શ્રીજીમહારાજે કરેલું અક્ષરનું વર્ણન લખો.

(    ) ..........................................................................................................

☞ **આ પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રમાણે પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્ર. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** **[૪]**

૧. ઘોડાનું દૃષ્ટાંત

૨. શ્રી જગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશનું દૃષ્ટાંત

૩. શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યાના દૃષ્ટાંતે ભગવાનની માયા

(    ) ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્ર. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. 'શ્રીકૃષ્ણ સદા બાળ બ્રહ્મચારી હોય, વિકારે રહિત હોય તો હે ! જમુનાજી માર્ગ આપો.' કહેવાથી જમુનાજીએ માર્ગ આપ્યો.

૨. મહારાજને જગતના કર્તા માનતા મુક્તાનંદ સ્વામી કહે છે 'નાક-કાન કાપવા કોના હાથમાં છે ?'

૩. નારદજીના યોગે કરીને વાલિયા લૂંટારાના જીવની બુદ્ધિ સારી થતાં વાલ્મીકિ ઋષિ બન્યા.

૪. શુકદેવજી થકી ભાગવતની કથા સાંભળતા પરીક્ષિતને પોતાના જીવાત્માનું દર્શન થતાં મૃત્યુથી નિર્ભય થયા.

( ) **સંદર્ભ :** ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**સમજૂતી :** ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્ર. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૯]

૧. આત્મનિષ્ઠા તો હોય ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

.......................................................................................................... ભક્ત નથી પામતો.

૨. અને જો કોઈ ...... અંતઃકરણને હું પકડું છું.

૩. જ્યારે કોઈ હરિભક્તનો ...... અતિશય ગુણ લેવો.

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨' - નવી આવૃત્તિના આધારે**

**પ્ર. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. શ્રીહરિની કલ્યાણભાવના

૨. લોજમાં નીલકંઠવર્ણીની જીવનચર્યા

૩. વનવિચરણમાં મળેલા સંતો-મહંતોમાં મૂઠી ઊંચેરા નીલકંઠવર્ણી

( ) ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્ર. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) [૮]**

૧. સત્તા અને સુંદરીને ઠુકરાવતા નીલકંઠવર્ણી.

૨. ઘનશ્યામનું મહાપ્રસ્થાન અને તેની વિશેષતાઓ

૩. રામાનંદ સ્વામી દ્વારા નીલકંઠવર્ણીનો મહિમા

( ) **પ્રસંગ - ૧ :** ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**પ્રસંગ - ૨ :** ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**પ્ર. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) [૧૨]**

૧. જનાબાદના વિપ્રને દર્શન (બુરાનપુર તરફ)

૨. ભોગવતી નદીને આશીર્વાદ

૩. સ્વામિનારાયણનું ભજન શરૂ કરાવ્યું

૪. નીલકંઠવર્ણી ભૃગુતિર્થમાં

૫. શ્રીહરિ રઘુનાથદાસને વિમુખ કરે છે.

( ) ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**મનન :-** ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**પ્ર. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. મહાદત્ત ૨. વશરામ મામા (વશરામ તિવારી)

( ) ..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

**વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' - નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર. ૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ઘરમંદિરમાં કોની મૂર્તિ રાખી શકાય ?

..........................................................................................................................................

..........................................................................................................................................

૨. આહારશુદ્ધિ શા માટે અત્યંત આવશ્યક છે ?

૩. સત્સંગ સભા એટલે શું ?

૪. માતાપિતાના સહવાસમાં ઊછરેલું બાળક કેવું હોય છે ?

૫. માળા કેવી રીતે ફેરવવી જોઈએ ?

**પ્ર. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. પૂજાની પવિત્રતા કેવી રીતે જાળવવી ?

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

૨. ભગવાન પાસે કેવી પ્રાર્થના ન કરવી જોઈએ ?

૩. બાળકનાં માતા-પિતા તરીકે તેના પ્રત્યે તમારી ફરજો શી છે ?

**પ્ર. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** **[૩]**

૧. બાળકો ઉપર ટીવીની આંતરિક અસર

૨. તિલક-ચાંદલો કરવાથી શો લાભ ?

( ) ..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં)** **[૬]**

૧. નિત્યપૂજા પ્રાતઃકાળે જ શા માટે ?

૨. આહારમાં ડુંગળી, લસણ શા માટે ન લેવાય ?

( ) ..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

**પ્ર. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. સાહસવીર યુવાનોની વિદ્યાપીઠ : બી.એ.પી.એસ.
(સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - ૨૦૧૨, પા. નં. ૨૬ થી ૨૯, ૨૧)

૨. ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજના સ્પર્શથી પાવન શાહીબાગ
(સ્વામિનારાયણ પ્રકાશ - મે - ૨૦૧૨, પા. નં. ૪ થી ૧૦, ૪૪ - ૪૫, ૪૬ થી ૪૯)

૩. ના દુઃખમાં ઉદ્વેગ અને ન સુખમાં સ્પૃહા
(સ્વામિનારાયણ પ્રકાશ- એપ્રિલ - જૂન - ૨૦૧૨, પા.નં. - ૪ થી ૬)

( ) ..........................................................................................

☞ **પછીના પૃષ્ઠોમાં નિબંધ દર્શાવેલ છે.**

**અગત્યની નોંધ :-**

**ઉપરોક્ત પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

* * *

આગામી વર્ષે ૩ માર્ચ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષાની પૂર્વતૈયારી માટે મુકાતા **પ્રી-ટેસ્ટના સંપૂર્ણ પ્રશ્નપત્રો હંમેશ મુજબ જાન્યુઆરીમાં (1st January, 2013ના રોજ) મુકાશે.** નિબંધ એ સામાન્ય જ્ઞાન સહિત મુક્ત વિષય હોય છે, જે અભ્યાસક્રમના પુસ્તકોમાંથી પૂછાતા નથી. આથી પરીક્ષાર્થીઓ નિબંધની તૈયારી સારી રીતે કરી શકે તે હેતુસર આપણે વહેલાસર ફક્ત તે યાદી આપની સમક્ષ મૂકી છે.

## પ્રી-ટેસ્ટના નિબંધોની યાદી

### પ્રાજ્ઞ : ૧-૧

૧. સાહસવીર યુવાનોની વિદ્યાપીઠ : બી.એ.પી.એસ. (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - ૨૦૧૨, પા.નં. ૨૬ થી ૨૯, ૨૧)

૨. ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજના સ્પર્શથી પાવન શાહીબાગ (સ્વામિનારાયણ પ્રકાશ - મે - ૨૦૧૨, ૪ થી ૧૦, ૪૪-૪૫, ૪૬ થી ૪૯)

૩. ના દુઃખમાં ઉદ્વેગ અને ન સુખમાં સ્પૃહા (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ-જૂન - ૨૦૧૨ પા.નં. ૪ થી ૬, ૪ થી ૬)

પરીક્ષાર્થી શ્રી,
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

**સત્સંગ શિક્ષણ પરીક્ષા માર્ચ ૨૦૧૩ના નિબંધોની પૂર્વ તૈયારી માટે નીચે જણાવેલ માર્ગદર્શન અને સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.**

૧. નિબંધ એટલે કોઈ નિશ્ચિત વિષય ઉપર વ્યવસ્થિત, ચિંતનપૂર્વક અને મુદ્દાસરનું લખાણ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પૂછાતા નિબંધો સામાન્ય જ્ઞાનના આધારે, પરીક્ષાર્થીના દૈનિક જીવનમાં સત્સંગના સદ્વાંચન અને કથા શ્રવણ અને મનન દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની કસોટી કરતા ૩૫ થી ૪૦ લીટીમાં લખવાના હોય છે.

૨. પરીક્ષાર્થીઓની માગણીને માન આપીને આ વર્ષે પ્રી-ટેસ્ટમાં પૂછાનાર નિંબધોના વિષયો છ માસ અગાઉથી પરીક્ષાર્થીના એકાઉન્ટમાં અપલોડ કરવામાં આવ્યા છે.

૩. પ્રી-ટેસ્ટમાં જે તે પરીક્ષામાં પૂછાનાર નિબંધોના ત્રણે ત્રણ વિષયો આપવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૩ની ફાઈનલ પરીક્ષામાં આ ત્રણ વિષયોમાંથી કોઈપણ એક નિબંધ ચોક્કસપણે પૂછાશે જ. માટે જો આપ આ ત્રણે ત્રણ વિષયો તૈયાર કરશો તો આપ ચોક્કસપણે એક નિબંધ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ સારી રીતે લખી શકશો.

૪. આ નિબંધોનું સામાન્ય બંધારણ, લખાણ(મેટર) મોટાભાગે ત્રણ - ચાર વર્ષ દરમ્યાનના સમયગાળામાં પ્રકાશિત થયેલ ‘સ્વામિનારાયણ પ્રકાશ’માંથી લેવામાં આવે છે.

૫. અહીં આપેલા નિબંધોનું લખાણ કેવળ દિશા સૂચક છે. આ જ લખાણ ગોખીને પરીક્ષામાં લખવાની જરૂર નથી. આથી વિશેષ સારા મુદ્દાઓનું ચિંતન-મનન કરી આપની રીતે પૂર્વ તૈયારી કરીને લખી શકો છો.

૬. **ગુજરાતી માધ્યમ (ભાષા) સિવાયના પરીક્ષાર્થીઓ માટે :** આ નિબંધોનું મૂળ પ્રકાશન ગુજરાતી ભાષામાં જ હોવાથી તેનું શબ્દશઃ ભાષાંતર ન કરતાં, તેનો ભાવાર્થ સમજીને પરીક્ષાર્થીએ પોતાની રીતે સમજીને તૈયારી કરવાની રહેશે. પરીક્ષા કાર્યાલય અંગ્રેજી કે હિન્દી ભાષામાં આ નિબંધોનું ભાષાંતર આપી નહિ શકે. તેથી ભાષાંતર કરવા અંગેનો પત્રવ્યવહાર કે ઈ-મેલ પણ પરીક્ષા કાર્યાલયને કરશો નહિ તેવી નમ્ર વિનંતી છે.

૭. ગુજરાતી ભાષા વાંચી, લખી કે બોલી ન શકતા હોય તેવા પરીક્ષાર્થીઓએ માતા-પિતા, વડીલો કે અન્ય સ્વજનો-સ્નેહીઓ પાસે વંચાવીને નિબંધનો ભાવાર્થ સમજી પોતાની રીતે, પોતાના શબ્દોમાં લખીને તૈયારી કરવાની રહેશે.

૮. One essay from the above list of essays will be asked in the Final Examination of March-2013.

। શ્રી સ્વામિનારાયણો વિજયતે ।

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - પ્રાજ્ઞ - ૧

## ૧.

યુવા લેખકોની કલમે...

### બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ - સાહસવીર યુવાનોની વિદ્યાપીઠ

- ડૉ. જયેશ વાઘેલા
(એમ.બી.બી.એસ., રાજકોટ)

'તારાથી આ ન થઈ શકે !'
'આ જમાનામાં આવા અઘરા નિયમો ન પાળી શકાય !'
'તું પરીક્ષામાં ફેઈલ જ થવાનો !'
'અરે, પણ આર્થિક મુશ્કેલી આવશે તો ?'
'તું બીમાર પડી જઈશ તો ?'
'તું કાંઈ ધોળી શકે તેમ નથી...'

- આ શબ્દો વાતાવરણમાં ગુંજે છે. અને યુવાન ખોઈ બેસે છે - જીવનનું ખમીર. પણ ક્યાંથી આવે છે આવી બંદૂકની ગોળી જેવી મારકણી વાતો? ક્યારેક માબાપ, ક્યારેક મિત્રો, ક્યારેક શિક્ષકો, ક્યારેક સહાધ્યાયીઓ અને ક્યારેક પોતાની જાત પાસેથી !

નિષ્ફળતા, આર્થિક તકલીફો, શારીરિક મુશ્કેલીઓ જેવા અનેક પ્રશ્નોના ડર આજના યુવાનોની સૌથી મોટી બીમારી છે. આવા સંજોગોમાં કંઈક નવું કરી બતાવવાનું સાહસ, કપરા સંજોગોમાં ટકી રહેવાનું બળ, મુશ્કેલ કાર્યને પાર પાડવાનું શૌર્ય તેને ક્યાંથી મળશે ? કાર્ય શરૂ કર્યાં પહેલાં જ નિષ્ફળતાથી ડરતા અને ડરાવતા એ નિર્બળ શબ્દોની સામે હકારાત્મક પ્રેરણાઓ આપીને સાહસને પ્રોત્સાહન કોણ આપશે ?

છે કોઈ નામ ?

હા, છે !

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ યુવાસભા.

જાણે રણપ્રદેશમાં મીઠી શીતળ છાયા.

આધ્યાત્મિકતા દ્વારા યુવાનોના વ્યક્તિગત, સામાજિક, શૈક્ષણિક, વ્યાવહારિક વગેરે દરેક ક્ષેત્રે સાહસ અને શૌર્યની અજોડ પ્રેરણા આપે છે, આ બી.એ.પી.એસ. યુવાસભા.

પારસમણિના સ્પર્શથી લોઢું પણ કંચનમાં રૂપાંતરિત થાય છે તેવી જ રીતે અહીં કથીર જેવો સામાન્ય યુવાન પણ કંચન તુલ્ય બની જાય છે. બી.એ.પી.એસ. યુવાસભામાં યુવાનોનું એવું ઘડતર થાય છે કે સામાન્ય યુવાનો કઠિન સંજોગો વચ્ચે પણ પ્રગતિનાં શિખરો સર કરવા કટિબદ્ધ બને છે. યુવાસભાના સ્પર્શનો એ જાદુ હજારો યુવાનોએ માણ્યો છે.

ચાલો, બી.એ.પી.એસ. યુવાસભામાં પીરસવામાં આવતા રસથાળમાંથી થોડોક આસ્વાદ માણીએ.

#### ■ સાહસ, શારીરિક મુશ્કેલીઓને પડકારવાનું...

સુખ-સગવડોના યુગમાં ઊછરી રહેલી આજની યુવાપેઢી એ સગવડોને વધારે પડતી પરાધીન થઈ રહી છે. સામાન્ય શારીરિક તકલીફ તેને હતાશ કરી નાખે છે, અને ક્યારેક આત્મહત્યાનો પણ આશરો લે છે.

આત્મહત્યાઓના આંકડાઓ મનમાં એક વાવાઝોડું પેદા કરે છે. ક્યાં ગયો યુવાનોનો એ તરવરાટ ? જે હંમેશા કંઈક નવું કરી બતાવવા માટે તત્પર હોય ! ક્યાં હણાઈ ગયું યુવાનોનું એ સાહસ, જે યુવાનોને પહાડ જેટલી આફત વચ્ચે પણ એમને અડીખમ ઊભા રાખી શકે ?

બી.એ.પી.એસ. યુવાસભા યુવાનોની એ નિર્બળતા ખંખેરવાનો ધર્મ બજાવે છે. અહીં ન કેવળ સાહસિકતાની વાતો જ થાય છે, પરંતુ સાથે સાથે એવી વ્યક્તિઓની વ્યક્તિગત પ્રશ્નોતરી-મુલાકાત પણ ગોઠવવામાં આવે છે કે જે વ્યક્તિઓએ શારીરિક પંગુતા સાથે પણ જીવનમાં ઉચ્ચ ધ્યેય હાંસલ કર્યું હોય.

બી.એ.પી.એસ. સત્સંગ યુવકમંડળ, તીથલના સંનિષ્ઠ યુવક શ્રી ઘનશ્યામભાઈ પણ એવું એક ઉદાહરણ છે. પોતાના હાથ પર કરવામાં આવેલાં નવ જેટલાં ઓપરેશન બાદ, એક હાથ ગુમાવનાર યુવાન ઘનશ્યામે એક હાથે પણ પુષ્પદોલોત્સવમાં ઉત્સાહપૂર્વક સેવા બજાવી. સેવાના ઉમંગ અને ખુમારી સાથે આજીવન હસતે મુખે કેફ સાથે નિષ્ઠાપૂર્વક બાળપ્રવૃત્તિમાં સેવા બજાવી પરમ-અક્ષરપદ પ્રાપ્ત કર્યું અને અનેક યુવાનોના પ્રેરણા સ્રોત બન્યા !

#### ■ સાહસ, માનસિક નબળાઇને દૂર કરવાનું...

મનુષ્યના જીવનમાં સફળતા કે નિષ્ફળતામાં મહદ્ અંશે ભાગ ભજવનારું પરિબળ છે - તેના વિચારો ! શરીરને પુષ્ટ કરવા માટે પ્રોટીન, વિટામિન, કાર્બોહાઈડ્રેટ, ચરબી, મિનરલ્સ વગેરે જરૂરી છે, તેમ મનને મજબૂત બનાવવા હકારાત્મક વિચારોની આવશ્યકતા છે. હકારાત્મક વિચારો માનવી માટે પોષક વિટામિન્સ બની રહે છે અને નકારાત્મક વિચારો ? ઘાતક ઝેર !

શરીર ભલે મજબૂત હોય, પણ મન નબળું હોય તો ? હકારાત્મક વિચારો કે સાહસ વિનાનું મન હોય તો ?

તો, શરીર કોઈ જ મદદ ન કરી શકે. અને શરીર ગમે તેટલું નબળું હોય તો મજબૂત મન તેને મજબૂત બનાવી શકે છે.

એટલે જ શરીરની મજબૂતાઈ અગત્યની છે તેના કરતાં મનની મજબૂતાઈ વધુ અગત્યની છે.

બી.એ.પી.એસ. યુવાસભા મનને અડીખમ કરવાની પ્રેરણા આપે છે.

માત્ર ૪૭ વર્ષની ઉંમરના રાજેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ અચાનક જ અણધાર્યા અક્ષરધામ નિવાસી થયા. ૨૧ વર્ષના પુત્ર આનંદ માટે પિતાના વિયોગનો એ આઘાત અસહ્ય હતો. એક તો એ જ સમયે નિરમા એન્જિનિયરિંગ યુનિવર્સિટીની ફાઈનલ પરીક્ષા અને તેમાં આ એથીય મોટી પરીક્ષા અણધારી આવી ગઈ. પરંતુ યુવાન આનંદ પોતાના પ્રિય મિત્ર સમાન, પિતાનો અગ્નિસંસ્કારવિધિ સંપન્ન કરીને સીધો જ યુનિવર્સિટીના પરીક્ષાખંડમાં પહોંચ્યો, મક્કમ મનથી. પરીક્ષા ખંતથી આપી અને એ જ પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં તેણે સર્વપ્રથમ સ્થાન મેળવ્યું - ગોલ્ડમેડાલિસ્ટ થઈને !

આ ઉદાહરણ છે - મનને અડીખમ કરતી બી.એ.પી.એસ. યુવાસભાની એ ઝાંખી.

અસહ્ય આઘાતની પળોને હળવાશથી જીરવી જવાની શક્તિ બી.એ.પી.એસ. યુવાસભા આપે છે. હજારો યુવાનોએ અહીં સત્સંગની તાલીમ પામીને મનની નબળાઈઓને ખંખેરી છે, મજબૂતાઈ મેળવી છે. અંતે, સંતોષ અને આનંદને માણ્યાં છે.

જીવનનાં ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવા માટે સૌથી મહત્ત્વની બાબત છે - આર્થિક અનુકૂળતા. આજના યુવાનોની આ દૃઢ માન્યતા છે. પરંતુ જ્યાં જીવન-જરૂરિયાતની વસ્તુઓ મેળવવાનાં ફાફાં હોય ત્યાં કોઈ ઉચ્ચ સિદ્ધિઓનાં સપનાં જુએ, એ કેવું લાગે ? માત્ર સ્વપ્નાં જુએ એટલું જ નહીં, એને સાકાર પણ કરી બતાવે તો ?

બી.એ.પી.એસ. યુવાસભામાં એવા યુવાનોની હારમાળા છે.

યશવંત જેઠવા એવું એક ઉદાહરણ છે.

સાવ સાધારણ આર્થિક પરિસ્થિતિમાંય યશવંત જેઠવાના ઊછરતા માનસમાં ઉચ્ચ અભ્યાસનું એક સપનું વવાયું, બી.એ.પી.એસ. સભાને લીધે, પરંતુ એટલું જ નહીં, કઠિન સંજોગો સામે લડીને તેણે એ સ્વપ્નને સાકાર પણ કર્યું, બી.એ.પી.એસ. યુવાસભા અને પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાને લીધે ! આજે યશવંત જેઠવા ઓરિસ્સાનું એક ગૌરવવંતું નામ છે. જે સમગ્ર ઓરિસ્સા રાજ્યના પોલીસ વડા ડી.આઈ.જી. તરીકે ફરજ બજાવી બી.એ.પી.એસ. તથા દેશનું ગૌરવ વધારી રહ્યા છે.

## ■ સાહસ, નિયમધર્મમાં દૃઢતા રાખવાનું...

'ચાલશે !' એ ન ચાલે, આધ્યાત્મિક માર્ગમાં.

આધ્યાત્મિક માર્ગે પહેલી જરૂરિયાત છે - નિયમ-ધર્મની. અને એ માર્ગે જનાર કોઈપણ વ્યક્તિને નિયમપાલનની દૃઢતામાંથી પરાસ્ત કરનાર સૌથી બળવાન શબ્દ છે - 'ચાલશે' !

'ચાલશે' શબ્દ છટકવાની માનવીય વૃત્તિનું પ્રતીક છે.

નિયમ એટલે નિયમ. એમાં ન હોય સમાધાન. માનવી મહાન બને છે તેની નિયમ-પાલનની કટિબદ્ધતાથી. પણ આજના યુવાનોને નિયમની જરૂરિયાત જ ક્યાં જણાય છે !

આજના યુવાનો કહે છે, 'નિયમ એ તો બંધન છે, અમારે આવાં બંધન ન જોઈએ !'

પણ, પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'વૃક્ષનાં મૂળ એનું બંધન નથી, એના પોષણનું સાધન છે. એમ નિયમ બંધન નહીં, આપણા પોષણનું સાધન છે. મૂળ કપાઈ જાય તો વૃક્ષ મરી જાય. તો નિયમ વિના આપણું શું થાય ?'

ચારે તરફ નિયમ-ધર્મ ન પાળવાની વૃત્તિ વકરી રહી છે. એવા સંજોગોમાં નિયમ-પાલનનું સાહસ કોણ પૂરું પાડશે ?

છે એવું એક નામ. બી.એ.પી.એસ. યુવાસભા.

નિયમ-પાલનમાં ડગુમગુ થતા યુવાનોને બી.એ.પી.એસ. યુવાસભા ગમે તેવી લોભામણી કે વિકટ પરિસ્થિતિમાં પણ નિયમમાંથી વિચલિત ન થવાના પાઠ શીખવે છે.

જામનગરના ભાવિક પંચાસરાને ઇન્ડિયન મિલિટરી ઍકેડમીની ટ્રેનિંગ માટે ઇન્ટરવ્યૂમાં જવાનું થયું, જેમાં દેશમાંથી માત્ર પાંચ કેડેટને પસંદ કરવામાં આવ્યા હતા. ઇન્ટરવ્યૂ દરમિયાન બ્રિગેડિયરે કહ્યું : 'તિલક-ચાંદલો કાઢી નાંખો તો જ તમારો ઇન્ટરવ્યૂ લેવાશે, અને તો જ તમને અહીં નોકરી મળી શકશે.'

દૃઢતા સાથે ભાવિકે તેમને કહ્યું, 'તિલક-ચાંદલો હું નહીં કાઢું, આપને નોકરી આપવી હોય કે ન આપવી હોય, આપની મરજી. પરંતુ મારા નિયમના ભોગે હું તે નહીં સ્વીકારી શકું.'

લંડનના ધનાઢ્ય પરિવારના એક સત્સંગી યુવાને પોતાનાં લગ્નમાં શ્વસુર પક્ષ તરફથી યોજાનાર રિસેપ્શન કાર્યક્રમમાં દારૂની મહેફિલની વાત સાંભળી એ સાથે જ કહી દીધું : 'શરાબ હું તો નહીં જ પીઉં, પરંતુ મારાં લગ્નમાં આવી શરાબી મહેફિલ યોજાય તે પણ નહીં ચલાવી લઉં. નિયમના ભોગે હું લગ્ન ન જ કરી શકું.'

એકાદશીનો સામાન્ય ઉપવાસ પણ નથી કરી શકતા આજના યુવાનો. બીજી તરફ અમેરિકન સૈન્યમાં ફરજ બજાવતી યુવતી યુદ્ધ વખતે ઉપવાસ કરે ! બી.એ.પી.એસ. યુવતીમંડળની સભ્ય એવી બે બહેનો - મીરાં અને એન્જેલિના અમીન નામની યુવતીઓએ જગવિખ્યાત અમેરિકન મરિન્સમાં પણ પોતાના નિયમ-ધર્મ સારધાર પાળ્યા. દિવસભરનો કઠિન શ્રમ અને જાનની બાજી લગાવતી રોજની પરિસ્થિતિ વચ્ચે પણ, સૂકા પ્રદેશમાં અમેરિકા-ઇરાક યુદ્ધમાં ફરજ બજાવતી આ બંને બહેનોએ પ્રત્યેક એકાદશીએ ઉપવાસ કર્યા હતા ! એટલું જ નહિ, ચાતુર્માસ દરમિયાન તેઓએ પાકાં એકટાણાં

પણ કર્યાં હતાં !

હિમાલયની હાડ ગાળી નાંખતી ઠંડીમાં જ્યાં પાણીને હાથ અડાડવાનો સંકલ્પ પણ કોઈ ન કરે ત્યાં રોજ સવારે સ્નાન કરવાનો વિચાર પણ કેવી રીતે કરે ? બી.એ.પી.એસ. યુવક મંડળ, લંડનના સંનિષ્ઠ યુવક શ્રી સંજય કારા આવી કડકડતી ઠંડીમાં, એવરેસ્ટના હિમ શિખરો વચ્ચે પણ રોજ સવારે સ્નાન બાદ, પ્રાતઃપૂજા કર્યા પછી જ મોંમાં પાણી મૂકતા !

એવરેસ્ટ ચઢનારા હજારો યાત્રીઓમાં આ યુવાન યાત્રિકે એક આગવી ભાત પાડી, નિયમ-ધર્મના ભોગે એવરેસ્ટ સર કરીને પણ મારે શું મેળવવું છે ? સંજયની એ દૃઢતાએ સાથી પર્વતારોહકોને દંગ કરી દીધા.

આજની કૉલેજોના દૂષિત વાતાવરણમાં ધાર્મિક પરંપરા અનુસાર ગૌરવભેર તિલક-ચાંદલો કરીને જ અભ્યાસ કરવા માટે જવાનું સાહસ કરવું એટલે 'વેદિયા', 'ટીલડાં' જેવા અપમાન જનક સંબોધનોનાં શિકાર બનવું ! પરંતુ એ સંજોગોમાં બી.એ.પી.એસ.ના હજારો યુવાનો સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ કહેલી ઉક્તિ નજર સમક્ષ રાખે છે કે,

*'ટેક ન મેલે રે, તે મરદ ખરાં જગમાંહી !'*

તિલક-ચાંદલા સાથે દેશ અને વિદેશમાં બી.એ.પી.એસ.ના હજારો યુવાનો યુનાઇટેડ નેશન્સથી લઈને નાસાના સર્વ-સન્માનનીય વિજ્ઞાનીના પદ સુધી છવાયા છે. નિયમ-ધર્મની દૃઢતા સાથે !

એ છે બી.એ.પી.એસ. યુવાસભાની એક ફલશ્રુતિ.

## ■ સાહસ, આધ્યાત્મિક માર્ગે આગળ ધપવાનું...

પરમાત્મામાં શ્રદ્ધા અને આસ્તિકતા માનવીની સાચી શક્તિ છે, પરંતુ આજના ભૌતિકતાવાદી યુગમાં નાસ્તિક હોવું, ભગવાનમાં ન માનવું એ જાણે ફેશન બની ગઈ છે ! યુવાનો એ પરમ શક્તિના સ્રોતથી વંચિત બનીને નમાલા બની રહ્યા છે.

ત્યારે બી.એ.પી.એસ. યુવાસભાનાં યુવક - યુવતીઓ ગૌરવભેર આધ્યાત્મિકતાના પાઠ શીખીને આત્મબળથી સજ્જ થઈ રહ્યાં છે.

આધ્યાત્મિકતાનો માર્ગ સાહસનો માર્ગ છે. જીવનના પરમ રહસ્યને પામવાનો એ પંથ છે. માનવજીવનની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ એટલે કે મોક્ષને પામવાની એ ચાવી છે.

બી.એ.પી.એસ. યુવાસભા યુવાનોને આ અધ્યાત્મના પાઠ શીખવે છે, જીવનના કર્તવ્ય અને પરમ લક્ષ્ય માટે યુવાનોને કટિબદ્ધ બનાવે છે, સંસાર ને વ્યવહારમાં કર્તવ્યનિષ્ઠ રહીને આધ્યાત્મિક ઉન્નતિ કરી શકાય છે, તેની પ્રતીતિ કરાવે છે, અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવાના જીવન-ધ્યેયને સાર્થક કરવાનો રાજમાર્ગ બતાવે છે.

હા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ યુવાપ્રવૃત્તિ યુવાનોને એકઠા કરતી સામાન્ય પ્રવૃત્તિ નથી, એ તો છે યુવાનોને સાહસવીર બનાવતી એક દિવ્ય વિદ્યાપીઠ.

તો ચાલો, યુવામિત્રો !

બી.એ.પી.એસ. યુવાસભાનાં અમૃત પીને રોમરોમમાં સાહસ અને શૌર્યની ઊર્જાનો સંચાર કરી લઈએ... ◆

યુવા લેખકોની કલમે...

# સ્વામિનારાયણ સંપ્રદાયનાં કાવ્યો-કીર્તનોમાં હિંમત-સાહસની પ્રેરણા

- જય પરીખ (ડી.સી.ઈ., રાજકોટ)

*'શબ્દ શબ્દ તૂ ક્યા કરે, શબ્દ કો ન હાથ પાંવ, એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ...'*

આ પંક્તિ દ્વારા કવિ કહે છે કે શબ્દ એ ઢાલ સમાન છે અને તલવાર સમાન પણ છે. ઘાવ સમાન શબ્દો તો ઠેરઠેર સાંભળવા મળે પણ ઔષધ સમાન શબ્દો બહુ જૂજ સંભળાય છે. શબ્દો દ્વારા યુદ્ધો પણ થયાં છે અને શબ્દો દ્વારા મૃત્યુનો ભય પણ દૂર થયો છે, આવા જ શબ્દો રડાવી પણ શકે છે અને શબ્દો મડદાં પણ બેઠાં કરી શકે છે.

આજથી સવા બસો વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણે પોતાની પરાવાણી ઉચ્ચારી, એ શબ્દોએ અસંખ્ય લોકોનું કલ્યાણ કર્યું છે, આજેય કલ્યાણ કરી રહ્યા છે, આવનારા અનેક યુગો સુધી કરતા રહેશે.

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી તેમના વિદ્વાન પરમહંસ સંતોએ વિપુલ ભક્તિ-સાહિત્યની રચના કરીને, ભગવાન સ્વામિનારાયણનો પવિત્ર સંદેશ લાખો લોકો સુધી પહોંચાડ્યો છે. મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે મહાન સંતોએ લાખો પદો-કીર્તનોની રચના કરી છે. આ બધાં કીર્તનોમાં મૂર્તિનાં પદો, સંત-મહિમાનાં પદો, વૈરાગ્યનાં પદો વગેરે પ્રકારનાં પદોનો સમાવેશ થાય છે. આ પદો આજે પણ તેટલાં જ પ્રખ્યાત છે જે તે સમયે હતાં. ભગવાન સ્વામિનારાયણ સમક્ષ આ અદ્‌ભુત સ્વરચિત ભક્તિપદો જ્યારે પરમહંસો ગાન કરતા ત્યારે કેવું દિવ્ય વાતાવરણ સર્જાતું હતું ! તેનું વર્ણન કરતાં હરિકાંત શુકલ લખે છે 'દેવાનંદ મુનિ ગાય ત્યારે રાગ મૂર્તિમાન પ્રગટ થાય ને પ્રેમાનંદ સ્વામી ગાય ત્યારે શ્રીહરિ તાન તોડતા જોવા મળે છે.'

આ બધાં પદો માત્ર સાહિત્ય કે સંગીતની પ્રસ્તુતિ નથી. તેમાં સાહસની પ્રેરણા ગૂંથાઈ છે.

એ સ્વામિનારાયણીય ભક્તિપદોમાં ગૂંથાયેલા સાહસનો પરિચય કરીએ.

## ■ પદોમાં નિયમપાલનનું સાહસ :

નિયમ, નિશ્ચય અને પક્ષ એ પાકા સત્સંગીનાં લક્ષણો છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં નિયમ-પાલનમાં શૂરવીર થનાર ભક્તોને બિરદાવ્યા છે.

લોયાના ક્ષત્રિય ભક્ત સુરાખાચર તેવું એક પ્રેરક ઉદાહરણ છે. ભગવાન સ્વામિનારાયણે એટલે જ તેમને 'જતિ' કહ્યા હતા. ભગવાન સ્વામિનારાયણના નવયુવાન પરમહંસો પણ નિયમ-પાલનની ટેકમાં કેવા અતૂટ હતા! ભગવાન સ્વામિનારાયણે આપેલાં પંચવર્તમાનો રૂપી નિયમો તો હતા જ, પરંતુ તે ઉપરાંત તેઓએ બધા સંતોને ૧૧૪ અઘરા નિયમોમાંથી પસાર કર્યા ! એક એક નિયમનું પ્રકરણ વધુ ને વધુ કપરું બનતું જતું હતું. આવા જ એક નિયમ-પ્રકરણ દરમિયાન બ્રહ્માનંદ સ્વામી રતાંધળા થયા ! છતાં તેઓએ વચનની ટેક રાખી તેથી તેઓ કહે છે...

*'જો હોય હિંમત રે નરને, ઉર માંહી ભારી,*
*દૃઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારિ,*
*ટેક ને મેલે રે, તે મરદ ખરા જગમાંહી...'*

બ્રહ્માનંદ સ્વામીએ રચેલાં આ કીર્તનોમાં સ્વાનુભવનું બળ છે. એટલે જ ૨૦૦ વર્ષ પછી પણ બ્રહ્માનંદ સ્વામીએ લખેલી એ પદપંક્તિઓ આજેય નિયમપાલન માટે અદ્વિતીય પ્રેરણા આપે છે.

આજનો યુવાન એ એક વખત લીધેલી ટેકમાંથી પણ ડગી જાય છે. ક્યારેક શરમને કારણે તિલક-ચાંદલો ભૂંસાઈ જાય છે. ના ન કહી શકવાની નબળાઈને કારણે બહારની ખાણી-પીણીનો નિયમ તૂટે છે, દૃષ્ટિ-સંયમના અભાવે ટી.વી. ન જોવાના નિયમની પાળો ભાંગે છે.

પરંતુ બ્રહ્માનંદ સ્વામી કહે છે, નિયમ-પાલનમાં તો માણસે મરણિયા બનવું પડે, કેસરિયાં કરવાં પડે. એવો કેસરિયાં કરનારો યુવાન પ્રલોભનને કારણે કે ભયને કારણે ક્યારેય નિયમ ન જ તોડે. બ્રહ્માનંદ સ્વામી પંક્તિમાં લખે છે :

*'પેટ કટારી રે, મારીને સન્મુખ ચાલ્યા,*
*પાછા ન વળે રે કોઈના તે ન રહે ઝાલ્યા...'*

નિયમ-પાલનરૂપી સંગ્રામમાં શૂરવીરતા દાખવવાનું સાહસ બ્રહ્માનંદ સ્વામીના આ કીર્તન દ્વારા મળે છે, જેના દ્વારા અનેક હરિભક્તોએ ગમે તેવા કપરા સંજોગોમાં પણ નિયમનું પાલન કરી બતાવ્યું છે.

## ■ ભક્તિ-સમર્પણ-સેવા માટે સાહસ :

સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન ભક્ત-સંત કવિઓએ અનેક કીર્તનો દ્વારા સમર્પણની પ્રખર જ્યોત જગાવી છે. ભગવાન અને સત્પુરુષના વચને સમર્પિત થઈ જવાની પ્રેરણા આપતાં કીર્તનોનો અદ્‌ભુત પ્રભાવ સંપ્રદાયમાં આજેય જોવા મળે છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ સમર્પણની સર્વશ્રેષ્ઠ પ્રેરણા આપતાં લખ્યું છે :

*રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવ ભરીએ.*
*રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ.*
*બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ...*

આવાં કીર્તનોએ ભગવાનને સમર્પિત થઈ જવાની એક આહ્‌લેક જગાવી છે.

જેના દરબારગઢમાં ભગવાન સ્વામિનારાયણ, સંતો-પરમહંસો, ભક્તો-પાર્ષદો રહેતા હતા તે ભક્તરાજ દાદાખાચરે તન-મન-ધન સહિત સર્વસ્વ સમર્પણ સમર્પિત કર્યું હતું. અને છતાં તેઓ અને તેમના જેવા લાખો ભક્તો એમ માને છે કે,

*'સો સો માથાં જાતાં સોંઘા છોગાળા...'*

આજે જગતભરમાં ફેલાયેલી અને લોકસેવામાં મોખરે રહેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનો મંગલ આરંભ થયો ત્યારે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને તેમના મુઠ્ઠીભર હરિભક્તોમાં સમર્પણની એક અજોડ જ્યોતિ પ્રગટી હતી. એ સમયે યુવાનોમાં સમર્પણની જ્યોતિને પ્રજ્વલ્લિત કરતાં કીર્તનોનો પ્રભાવ આજેય એવો ને એવો જ ગરવો અનુભવાય છે. જેમ કે,

*'અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,*
*અમારા અક્ષર-પુરુષોત્તમ ગુણાતીત જ્ઞાનને ગાઈશું.*
*અમે સૌ સ્વામીના બાળક મરીશું, સ્વામીને માટે...'*

કહેવાયું છે કે કોઈ માટે કદાચ મરવું અઘરું છે, તો તેના માટે જીવવું તે તેના કરતાંય વધુ અઘરું છે. આમ છતાં, વર્તમાનકાળે બી.એ.પી.એસ.ના હજારો યુવકો પ્રમુખસ્વામી મહારાજ માટે જીવવા સજ્જ થયા છે. અને તેમાંથી કેટલાય યુવાનોએ યાહોમ કરીને સમસ્ત જીવન સમર્પિત કરીને સાધુદીક્ષા લીધી છે. એવા યુવાનોની સમર્પણ-જ્યોતિને બિરદાવતાં કીર્તનો ખૂબ જ પ્રસિદ્ધ છે.

*'હાલો જુવાનડા હરિવર વરવા હેલો પડ્યો...'*

ભગવાનની ભક્તિ કરવા માટે મહાન ભક્તોની ગાથા ગાઈને મુક્તાનંદ સ્વામી સમર્પણની અદ્‌ભુત પ્રેરણા આપે છે :

*'જુઓ પ્રહ્‌લાદે પણ નવ છોડ્યું,*
*નિજ તાતતણું સગપણ ત્રોડ્યું,*
*દૃઢ કરી મોહન સંગ મન જોડ્યું...'*

અહીં તો પ્રહ્‌લાદે કેવળ સગપણ તોડ્યું, પરંતુ જગામેડી ગામનો એ બાળવીર આજના યુવાનો માટે પ્રેરણારૂપ છે. જેણે ભજન કરતાં કરતાં પોતાના પ્રાણ ત્યાગી દીધા અને સાહસ પ્રેર્યું...

*'તન, ધન જાતાં, હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે.'*

તો, રસિક કવિ ગાય છે :

*'દુઃખોના ડુંગરો તૂટે, કદી આખું જગત રૂઠે,*
*પરંતુ પ્રાણના ભોગે, ગુરુજી નહિ ભૂલું તમને.'*

## ■ દુઃખો વચ્ચે સ્થિરતા માટે સાહસ :

સુખ અને દુઃખ જીવનનો એક ક્રમ છે. સુખમાં હરખાઈ જતો માનવી દુઃખમાં કરમાઈ જાય છે. એવાં સુખ-દુઃખનાં દ્વંદ્વ વચ્ચે સ્થિરતા રાખવાની હિંમત સ્વામિનારાયણ સંતકવિઓનાં પદોમાં ભરપૂર છલકાય છે.

શારીરિક દુઃખ આવે, ધંધામાં ખોટ જાય, અકાળે સંબંધીનું મૃત્યુ થાય એવી વિપરિત પરિસ્થિતિઓમાં સ્થિરતાની પ્રેરણા આપતાં મુક્તાનંદ સ્વામી કહે છે,

*હરિજન થઈને હાણ-વરધ, સુખ દુઃખ મનમાં નવ ધારીએ,*
*ટાળ્યા નવ ટળે, ઘટ સાથે ઘડિયાં હિંમત નવ હારીએ.*

આજનો યુવાન જરા પણ વિપરીત સંજોગો ઊભા થાય કે તરત જ તણાવમાં મુકાઈને ખોટું પગલું ભરવાનો નિર્ણય કરી લે છે. આવા કાયરોને સાહસની પ્રેરણા પૂરતાં બ્રહ્માનંદ સ્વામી કહે છે,

*'હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,*
*વિપત્તે વરતી રે, કે'દિ દીન વચન નવ ભાખે.'*

આદર્શ ભક્ત તેને કહેવાય જે ગમે તેવા વિકટ સંજોગોમાં પણ વિચલન ન પામે અને અડગ રહે. તેના મુખમાંથી મોળી વાત સાંભળવા ન મળે અને હંમેશાં બળભરી જ વાતો કરે. ભક્તિ કરતાં પણ દુઃખ આવે છતાં તેમાં હિંમત રાખે અને પરિસ્થિતિ સામે બાથ ભીડે એ જ સાચો ભક્ત.

આવા સંજોગોમાં સૌથી વધુ જરૂરિયાત છે ધીરજની. કોઈ દુઃખ ક્યારેય કાયમી નથી હોતું. દરેક દુઃખની એક સમયમર્યાદા હોય છે. પરંતુ એ સમય વિતાવવા પૂરતી ધીરજ તો જોઈએ ને ! નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'ધીરજ ધારી રહે નરનારી, પામે તે સુખસદન;*
*કષ્ટ કાપવાનો એ છે કુહાડો, વાઢે વિપત્તિનાં વન રે.*
*ધીરજ સમ નહિ ધન...'*

ધીરજ એ તો કષ્ટ કાપવાનો કુહાડો છે. ગમે તેવાં વિપત્તિનાં વન એ ઉચ્છેદી નાખે છે.

વળી, દેવાનંદ સ્વામી કહે છે :

*'ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પૂરે અન્ન જોને...'*

અનંતકોટિ બ્રહ્માંડમાં કીડી જેવા સૂક્ષ્મ જીવોથી લઈને ડાયનાસોર જેવા મહાકાય પ્રાણીઓને ખોરાક આપતા ભગવાનના આશરે ધીરજપૂર્વક બેસીશું તો શું તેઓ આપણું પોષણ નહીં કરે ?

આમ, સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન ભક્ત-સંત કવિઓએ રચેલાં કીર્તનોમાં એક અદ્‌ભુત શક્તિ ભરી છે - નિર્બળ મનના માનવીને બેઠો કરવાની.

પરંતુ દુર્ભાગ્યે યુવાનો આપણા આ પ્રાચીન ભક્તિપદોના વારસાથી દૂર જઈ રહ્યા છે. લોકોને અણસમજને કારણે આ કીર્તનો-ભજનો આઉટડેટેડ લાગી રહ્યાં છે, પરંતુ ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજી પણ મુશ્કેલીમાં મુકાતા ત્યારે તેઓ આ સ્વામિનારાયણીય સંતકવિઓનાં હિંમતભર્યાં કીર્તનો સાંભળીને તેમાંથી ધીરજ, હિંમત, સાહસ અને શૌર્યની પ્રેરણા મેળવતા હતા. આધુનિક યુવાધનને ડી.જે. પરનાં ગીતો સાંભળવાનો ચસકો ચડ્યો છે, તે હિંમત નહીં, નિર્માલ્યતા આપે છે. આ કીર્તનો તો આપણો અદ્‌ભુત વારસો છે. આપણે તેનું જતન અને પ્રવર્તન કરીએ. આપણે થોડો સમય ફાળવીને પણ આ કીર્તનો-કાવ્યોનું મનન-શ્રવણ-પઠન કરીશું તો તેની સત્યાર્થતા અને યથાર્થતા આપણે જાણી શકીશું અને સાહસ, પ્રેરણા તેમજ બળ પામી શકીશું. ◆

## ૨.

### અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્પર્શથી પાવન અમદાવાદ અને શાહીબાગ

*શાહીબાગની આમ્રકુંજમાં વિશ્રામ લઈ સંતો-ભક્તોને બોધ આપતા ભગવાન સ્વામિનારાયણ...*

■ સાધુ અક્ષરવત્સલદાસ

ઇતિહાસનાં પૃષ્ઠોમાં મહાનગર અમદાવાદ અનેક રૂપરંગ ધારણ કરીને સતત સરકતા રેશમના તાંતણા સમું ભાસે છે. આ મહાનગરની પહેલી શિલા કોણે અને ક્યારે રોપી હતી - એ હજુય ઇતિહાસના અજ્ઞાત ગર્ભમાં જ સમાયેલું રહ્યું છે, પરંતુ તેના પુરાતત્ત્વીય અવશેષો એટલું તો જરૂર સાબિત કરે છે કે આ નગર ૫૦૦૦ વર્ષો પુરાણી એક પ્રાચીન વસાહત હતી.[૧]

કોને ખબર, કેવાં કેવાં વહેણોમાંથી આ નગરે પૂર્વની અનેક સહસ્રાબ્દીઓ વિતાવી હશે, પરંતુ છેલ્લાં એક હજાર વર્ષની ઇતિહાસ ગાથા કંઈક ધૂંધળી હકીકતોથી આરંભાય છે. સાબરમતીના તટે, આજથી ૧૦૦૦ વર્ષ પૂર્વે આશાપલ્લી શહેરની ધજાપતાકા ફરફરતી હતી. કહે છે કે છ લાખ ભીલોના રાજા આશા ભીલે એ વસાવ્યું હતું.[૨] એનું આશાપલ્લી કે આશાવલ નામ એના જન્મદાતા રાજા આશા ભીલ અથવા આસોરાજના નામ પરથી આવ્યું કે બીજી રીતે આવ્યું - એ સંશોધનનો વિષય છે. પરંતુ એટલી હકીકત છે કે તે સમયે આશાપલ્લીની ખ્યાતિ ગુજરાતભરમાં પ્રસરી ગઈ હતી. પાટણ અને ખંભાતની જાહોજલાલી સામે આશાપલ્લીનું પણ એક દબદબાભર્યું ગૌરવસ્થાન હતું. શહેર ધર્મભાવનાથી રસાયેલું હતું અને વેપાર-વાણિજ્યમાં કસાયેલું હતું. શહેરનાં દેવમંદિરોમાં ઘંટારવ અવિરત ગુંજતો રહેતો હતો, તો ખંભાત-ભરૂચ બંદરેથી પાટણ થઈને દિલ્હી સુધી જતા ધોરીમાર્ગમાં વચ્ચે આવતું આશાપલ્લી, વેપારી મથક તરીકે પણ આગવું મહત્ત્વ ધરાવતું હતું.[૩]

૧૨મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં પાટણ-સમ્રાટ કર્ણદેવ સોલંકીએ આશાપલ્લી પર વિજય મેળવીને પોતાના નામ સાથે જોડાયેલું કર્ણાવતી નગર સ્થાપ્યું. કર્ણદેવને જ્યાં શુકન થયાં ત્યાં કોછરબા (હાલનું કોચરબ) દેવીનું મંદિર રચાવ્યું, તેણે જ્યાં આસોરાજ પર વિજય મેળવ્યો ત્યાં ભવ્ય પ્રાસાદ રચ્યો અને તેમાં જયંતી દેવીની સ્થાપના કરી,[૪] કર્ણેશ્વર મહાદેવનું દેવાલય રચાવ્યું, તેમજ કર્ણાવતીને શોભાવતું વિશાળ કર્ણસાગર સરોવર રચાવ્યું.[૫]

હાલ અમદાવાદમાં એવો કોઈ પ્રાસાદ અસ્તિત્વમાં નથી રહ્યો; પરંતુ કર્ણસાગર સરોવર એ જ સંભવતઃ કાંકરિયા સરોવર તરીકે આજેય શહેરની આગવી શોભા બની રહ્યું છે.[૬]

દિલ્હી સલ્તનત યુગ દરમ્યાન આસાવલ કે આશાપલ્લીમાંથી કર્ણાવતી બનેલું નગર એક મહત્ત્વનું નગર બની ગયું હતું. ત્યારબાદ નવાં નવાં રૂપ ધારણ કરતી કર્ણાવતી નગરી એક પછી એક નવા નવા શાસકોના હાથમાં સરકતી રહી. ગુજરાતના છેલ્લા સોલંકી રાજવી કર્ણ વાઘેલા પાસેથી અલ્લાઉદ્દીન ખીલજીએ ગુજરાત જીત્યું. ત્યારબાદ એક સદી સુધી કર્ણાવતીએ અવ્યવસ્થા અને અંધેરયુગનો અનુભવ કર્યો.[૭]

છેક ચૌદમી સદીના અંત ભાગમાં દિલ્હીનો સલ્તનતનો છેલ્લો સૂબો મુઝફ્ફરશાહ સ્વતંત્ર થઈ ગયો અને તે પાટણની ગાદી ઉપર બેઠો. એનો પૌત્ર અહમદશાહ સન ૧૪૧૦માં પાટણની ગાદીએ આવ્યો ત્યારે, એને કર્ણાવતી-આશાવલનાં હવા-પાણી ખૂબ પસંદ લાગ્યાં. આથી આશાવલ-કર્ણાવતીના ઉત્તર-પશ્ચિમ પડખે તેણે અહમદાબાદ વસાવવાનો નિર્ણય કર્યો.

વિક્રમ સંવત ૧૪૬૮ના વૈશાખ સુદ-૭ને રવિવારે, પુષ્ય નક્ષત્રમાં (તા. ૧૭મી એપ્રિલ, ૧૪૧૧ના રોજ) અમદાવાદના રાજગઢની પ્રથમ શિલા શાસ્ત્રોક્તવિધિ અનુસાર રોપાઈ.[૮] અણહિલવાડ-પાટણના કિલ્લાને ભદ્ર કહેતા હતા એટલે અમદાવાદના આ નવા રાજગઢ-કિલ્લાનું નામ પણ ભદ્રનો કિલ્લો પડ્યું. જ્યાં શહેરના નવનિર્માણની એ પ્રથમ શિલા રોપાઈ ત્યાં માણેક બુરજ નામે બુરજ થયો જે હાલ વિવેકાનંદપુલ (એલિસબ્રિજ)ની પૂર્વ બાજુએ પુલની દક્ષિણે આવેલ છે.[૯] કુલ ૧૪ બુરજ સાથે, ૪૩ એકરમાં ફેલાયેલો આ કિલ્લો જ નહીં, પરંતુ સમયે સમયે તેની આસપાસ નવાં નવાં વિવિધ પરાંઓ પણ સ્થપાવા લાગ્યાં. માણેકચોકમાં આવેલી મુહૂર્તપોળ અમદાવાદની સૌથી પહેલી પોળ મનાય છે, ત્યારબાદ સમયે સમયે સલ્તનતના જુદા જુદા અમીરોએ પોતાનાં નામે વિવિધ પરાંઓ વસાવ્યાં. ધીમે ધીમે કર્ણાવતી અને અમદાવાદ એકાકાર બની ગયાં ![૧૦]

અમદાવાદે હવે પ્રગતિની એક નવી ગતિ પકડી હતી. અમદાવાદની શાન-ઓ-શૌકત સર્વત્ર પ્રસરવા લાગી હતી. માત્ર ૧૦૦ વર્ષમાં અમદાવાદે સર્વત્ર ખ્યાતિ પ્રાપ્ત કરી લીધી હતી.

૧૫મી સદીનો ઇતિહાસ-લેખક અને 'તારીખે અહમદ-શાહી'નો રચયિતા હુલ્વી શીરાઝ લખે છે કે આ શહેર ધરતીના મુખ પર સુંદર તલ જેવું શોભી ઊઠ્યું છે, જેનો જોટો આસમાને જોયો નથી.[૧૧]

'તારીખે ફિરિશ્તા'નો લેખક મોહમ્મદ કાશી લખે છે : 'અમદાવાદ એકંદરે આખા હિન્દુસ્તાનમાં સર્વથી સુંદર શહેર છે. અને કદાચ તેને આખી દુનિયામાં પણ સર્વથી સુંદર કહી શકાય. એના મુખ્ય માર્ગ એકી સાથે દસ ગાડી પસાર થઈ શકે એટલા પહોળા છે.'[૧૨]

અમદાવાદની વ્યાપારી ખ્યાતિ પણ જગતભરમાં ફેલાયેલી હતી. અમદાવાદનાં કિનખાબ, મશરૂ અને સુતરાઉ કાપડ, ખંભાતથી વિદેશોમાં નિકાસ પામતાં અને છેક કેરોથી લઈને પેકિંગ સુધીનાં શહેરોમાં તેની ખૂબ ખપત થતી. આફ્રિકાના કિનારા પર તો આ કાપડ સોનાના બદલામાં વેચાતું અને તેની સો ગણી કિંમત ઊપજતી. અમદાવાદથી દર ૧૦ દિવસે નિકાસ માટે કીમતી સામાન ભરેલાં ૨૦૦ ગાડાં ખંભાત બંદરે જતાં.[૧૩]

સન ૧૫૮૮માં સીઝર ફ્રેડરિક નામનો મુસાફર લખે છે કે, 'મેં નજરે ન જોયું હોત તો અમદાવાદનો આટલો મોટો વેપાર છે એ હું માનત નહીં.' સન ૧૬૩૮માં મેન્ડેલ્સ્લો નામનો એક યુરોપિયન લખે છે કે, 'આખા એશિયામાં કોઈ પ્રજા કે કોઈ માલ ભાગ્યે જ એવો છે કે જે અમદાવાદમાં જોવા ન મળે.'[૧૪]

૧૬૯૫માં જેમિલિ કેરેરિ નોંધે છે કે, 'અમદાવાદ ઉદ્યોગોનું વડું મથક છે. હિંદમાં સૌથી મોટું શહેર છે અને પંખીઓ તથા ફૂલોની અદ્ભુત ભાતવાળા કિનખાબ માટે એ વેનિસથી જરાય ઊતરતું નથી.[૧૫] ઇતિહાસ લેખકો લખે છે કે, 'અમદાવાદમાં એક વખતે સો કોટિધ્વજઓ (કરોડપતિ) હતા. અમદાવાદના આડતિયાઓ એશિયા કે યુરોપના દરેક મોટા શહેરમાં હતા. તેથી અમદાવાદની હુંડી ગમે તે શહેરમાં ખપતી.'[૧૬]

સુતર, રેશમ અને કિનખાબમાં અમદાવાદની આગવી હથોટી હતી. ઔરંગઝેબના સમયમાં અમદાવાદ આવેલો યુરોપિયન લેખક ટેવર્નિયર લખે છે કે, 'અમદાવાદ હિંદુસ્તાનમાં એક મોટામાં મોટું શહેર છે. ત્યાં રેશમ, મલમલ અને કિનખાબનો જબ્બર વેપાર ચાલે છે.'[૧૭]

સૂતર, રેશમ અને કસબના તાણાવાણાઓમાં ગુંથાયેલા આ મહાનગર અમદાવાદને મળ્યો - ભગવાન સ્વામિનારાયણનો દિવ્ય સંગ. અને તેમાંય વિશેષ સ્મરણીય હતો શાહીબાગ. જેની રજેરજમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો ધબકાર ધબકે છે, એ અમદાવાદની એક આગવી શોભા હતી - શાહીબાગ.

ઇતિહાસ-લેખકો નોંધે છે કે અમદાવાદ, આજથી થોડી જ સદીઓ પહેલાં, આજના કરતાં અનેકઘણું વધુ રળિયામણું અને સુંદર હતું. એ સૌંદર્યમાં ચાર ચાંદ લગાવતાં મનોરમ્ય ઉદ્યાનો-ઉપવનો-બાગબગીચાઓથી શહેર ચારે તરફ ઘેરાયેલું હતું. બાદશાહી સમયના અમદાવાદમાં અગ્નિ ખૂણે નવલખો બાગ હતો. પાંચ ગાઉ લાંબા અને એક ગાઉ પહોળા આ નવલખા બાગમાં આંબા વગેરેનાં નવ લાખ વૃક્ષો હતાં. અમદાવાદની પશ્ચિમે નદીને સામે કાંઠે ફતહ અને ફરમાન વાડીના બાગ હતા.[૧૮] ઉત્તરે રૂસ્તમ બાગ અને ગુલાબ બાગ મઘમઘતા હતા. અમદાવાદની આ શોભાથી પ્રભાવિત થઈને તત્કાલીન ઇતિહાસકારો નોંધે છે કે દિલ્હી અને આગ્રા કરતાં પણ અમદાવાદ વધુ સુંદર શહેર હતું.

અમદાવાદના આ સૌંદર્યમાં એક આગવું મણિ-રત્ન ઉમેરાયું - શાહીબાગ. સન ૧૬૨૧-૨૨નું એ વર્ષ હતું, જ્યારે આજથી ૩૯૦ વર્ષ પહેલાં શાહીબાગનો જન્મ થયો. અને તેના નિર્માણનો શાહી યશતાજ પહેર્યો હતો - અમદાવાદમાં સૂબાગીરી કરતા મુગલ શાહજાદા શાહજહાંએ.[૧૯]

તાજમહાલની ઇમારતથી જગવિખ્યાત થનાર શાહજહાં સ્થાપત્યના પાઠ અમદાવાદમાં શાહીબાગના નિર્માણથી શીખ્યો હતો. ઇતિહાસકારો નોંધે છે : 'It was on the garden palace (Shahibaug) and for such a beneficent purpose that Shah Jahan tried his practice hand in Ahmedbad.'[૨૦]

એમ કહેવાય છે કે દુષ્કાળમાં પીડાતા લોકોને કામ આપવા શાહજહાંએ બાગ-એ-શાહી અથવા શાહીબાગ બાંધવાનો હુકમ કર્યો હતો. શાહીબાગની જમીન પસંદ કરવા માટે નિમાયેલા આબોહવા-નિષ્ણાતોએ શહેરની ઉત્તરે નદી કિનારાથી દક્ષિણ-પશ્ચિમ-પૂર્વ તરફની જમીન પસંદ કરી. શાહીબાગ વિકસાવવા માટે આ ભૂમિ ઉપરાંત, મકસૂદપુરની ૧૦૫ વીઘા અને ૩ વીસા અને અન્ય નાનાં નાનાં ગામોની પણ સેંકડો વીઘા જમીન લેવામાં આવી. શાહી ફરમાનથી થોડા જ સમયમાં વેરાન ભૂમિ પર એક સ્વર્ગીય બાગ મહોરી ઊઠ્યો. દિલ્હી દરવાજાથી નદી તરફ જતા રસ્તાની સાથે શાહીબાગ પૂર્ણતઃ વિકસી ગયો ત્યારે, બાગ-બગીચાઓ, લતાકુંજો, અમીરોના બંગલાઓ, બેઠકો, મંડપો, નહેરો વગેરે જોતાં દેશભરમાં ઘૂમનારા ઇતિહાસ-લેખકો કહેતા હતા કે આખા દેશમાં ક્યાંય આવો સુંદર બગીચો નથી.[૨૧] નીલમ રત્નોનું જાણે એ એક સુંદર સ્વપ્ન હતું. આ અજોડ બાગ-એ-શાહીને જાળવવા માટે પણ શાહી વ્યવસ્થાઓ હતી. નદીનાં જળ ઉપરાંત ૧૧ કૂવાઓ કરવામાં આવ્યા હતા. ૧૦૦ બળદ, ૭૦ માળી, એક ગુમાસ્તો, એક વહીવટદાર, સાત પટાવાળા અને કેટલાય ઝાડુ કાઢનારાનો વિશાળ સમુદાય શાહીબાગની તહેનાતમાં હાજર હતો.[૨૨]

આ શાહીબાગ રચાયો તે પહેલાં તેની બાજુમાં રૂસ્તમ નામના ગુજરાતી અમીરે ૬૦ વીઘા જમીનમાં રૂસ્તમ બાગ બાંધ્યો હતો. જે પાછળથી શાહીબાગની હદમાં સમાઈ ગયો. રૂસ્તમ બાગની બાજુમાં ગુલાબ બાગ પણ મઘમઘતો હતો. ગુલાબથી છવાયેલા આ બાગમાંથી મેળવાયેલું શ્રેષ્ઠ ગુલાબજળ અને અત્તર, બાદશાહ માટે છેક મોગલ સામ્રાજ્યના અંત સુધી દિલ્હી મોકલવામાં આવતું હતું. ગુલાબ બાગની બાજુમાં સેતુર બાગ પણ આકર્ષક હતો. આ બધા જ બાગ શાહીબાગમાં વિલીન થઈ ગયા હતા.[૨૩] આ ઉપરાંત શાહી મહેલની પશ્ચિમ તરફ એક અંધારી વાડી નામનો એક પુરાણો બાગ પણ હતો. એ બાગનાં ખંડેરો છેક ૧૯મી સદીના અંત સુધી હતાં.[૨૪] એ બાગ પણ પાછળથી શાહીબાગમાં સમાઈ ગયો.

ટૂંકમાં અનેક સુંદર બાગ બગીચાઓના નીલમમણિ સાથે એક વધુ સુંદર તાજસમો ખીલ્યો હતો - શાહીબાગ.

૧૭મી સદીમાં અમદાવાદની મુલાકાતે આવેલો યુરોપિયન મુસાફર થેવેનો, શહેરની મુક્ત કંઠે પ્રશંસા કરતાં લખે છે : શહેરમાં નદીની બાજુ પર શાહીબાગ આવી રહ્યો છે. એમાં હિંદુસ્તાનમાં ઊગતાં તમામ પ્રકારનાં વૃક્ષો છે. બંને બાજુ પર ઝાડવાળા સીધા લાંબા રસ્તા કરેલા છે. ખરું પૂછો તો એ અનેક બગીચાઓ નાટકશાળાની જેમ ચઢતા ઊતરતા ગોઠવાયેલા છે. આ બગીચાનું ક્ષેત્રફળ ઘણું વિસ્તારવાળું હોવાથી એના લાંબા રસ્તાઓ પરથી ઘણું સરસ જોવાનું મળે છે. એની મધ્યમાં ફૂલઝાડના ક્યારાના ક્યારા વાવેલા છે, જે બાગને એક છેડેથી બીજે છેડે પહોંચે છે. ચાર રસ્તા જ્યાં મળે છે ત્યાં મધ્યમાં એક લતામંડપ છે. એની ઉપર લીલા કાચનાં નળિયાં છે. ત્યાં શહેરના બધા યુવાન માણસો તેમાં આવેલા વિવિધ રંગી માછલાંથી ભરપૂર કુંડ પર હવા ખાવા જાય છે.'[૨૫]

૧૭મી શતાબ્દીમાં જર્મન મુસાફર મેન્ડેલો અમદાવાદમાં આવ્યો હતો. તેણે શાહીબાગનું વર્ણન કરતાં લખ્યું છે : 'આ બાગ ઘણો વિશાળ અને કોટથી ઘેરાયેલો હતો. એની અંદર નહેરો પાણીથી ભરેલી રહેતી. ...એ બધુંયે એવું સુંદર લાગતું કે એવું મેં ભાગ્યે જ ક્યાંય જોયું હશે ! શિયાળામાં બાગની

વચ્ચેનો મોટો હોજ વરસાદથી ભરેલો હોય છે. ઉનાળામાં બળદથી ખેંચીને પાણી પાવામાં આવે છે. અને કૂવા એટલા ઊંડા છે કે કદી સુકાય નહીં.'[૨૬]

શાહીબાગની આ શાન બે સૈકાઓ સુધી ઝળહળતી રહી. છેક ૧૮મી સદીના અંત સુધી શહેરના લોકોનું ફરવાનું એ સર્વશ્રેષ્ઠ સ્થાન હતું.

સાબરમતીનાં વહેતાં નીર સાથે સમય સરકતો રહ્યો, બદલાતો રહ્યો. અને અનેક શહેનશાહો, શાહજાદાઓ, સૂબાઓ, મરાઠા અધિકારીઓ, બ્રિટિશ અમલદારો, ઉદ્યોગપતિઓનાં પ્રકરણો શાહીબાગમાં ઊમેરાતાં રહ્યાં. સમયના વહેણ સાથે શાહીબાગની શાહી શાન દિવસે દિવસે ઘટતી રહી. તોય છેક ૨૦મી સદીના મધ્ય ભાગ સુધી આ વિસ્તાર શહેરનો એક 'ધનપતિઓનો બાગ' બની રહ્યો હતો.

શાહીબાગના લગભગ ૪૦૦ વર્ષના દીર્ઘ ઇતિહાસમાં, શાહીબાગ નામની શાન વધારતી એક અદ્વિતીય ઐતિહાસિક બાબત આજથી ૨૦૦ વર્ષ પહેલાં ઉમેરાઈ - ભગવાન સ્વામિનારાયણની દિવ્ય પધરામણીથી.

સને ૧૮૦૩-૦૪માં ભગવાન સ્વામિનારાયણે અમદાવાદને પ્રથમવાર પોતાની ચરણરજથી ધન્ય કર્યું, ત્યારે શાહીબાગ પણ તેમની કૃપાથી કૃતાર્થ થયો હતો. દિલ્હી દરવાજે થઈ શહેરની ઉત્તરે સાબરમતીનાં જળમાં સ્નાન કરવા પધારેલા શ્રીહરિની સ્નાનલીલાનું વર્ણન કરીને સંપ્રદાયના ગ્રંથકારો લખે છે : 'આ રીતે સ્નાન કરી, કપડાં પહેરી, સૂબાના[૨૭] આમંત્રણથી નજીકમાં ગંગાજી(નદી)ના કિનારે રહેલા તેમના મહેલ(શાહીબાગ મહેલ)માં શ્રીહરિ પધાર્યા. સૂબાએ શ્રીહરિને સત્કારપૂર્વક પધરાવી, પૂજા કરી, ભેટો ધરી, આરતી કરી. સંતોની પણ પૂજા કરી... નદી કિનારાનાં વૃક્ષો, વનવેલીઓ તથા પક્ષીઓની શોભા જોઈ શ્રીહરિએ આ શહેરનાં તથા નદીનાં ઘણાં જ વખાણ કર્યાં. શાહી મહેલની ઇંદ્રપુરી જેવી રચના તથા શોભા જોઈ શ્રીહરિ હાથી ઉપર વિરાજી... નવાવાસમાં પોતાના ઉતારે પધાર્યા.'[૨૮]

શાહીબાગમાં ભગવાન સ્વામિનારાયણની આ સર્વપ્રથમ પધરામણી પણ શાહી સન્માન સાથે થઈ. ત્યારપછી જ્યારે જ્યારે તેઓ અમદાવાદ પધાર્યા ત્યારે શાહીબાગ અવશ્ય પધાર્યા છે. નિમિત્ત સાબરમતીમાં સ્નાન કરવાનું હોય કે ઉત્તર ગુજરાત (દંઢાવ્ય પ્રદેશ) તરફ જવા-આવવાનું હોય. શાહીબાગને તેઓએ પોતાની ઉપસ્થિતિથી સતત પાવન કર્યો છે.

વિક્રમ સંવત ૧૮૬૨માં તેઓ મોટેરા થઈને અમદાવાદ પધાર્યા હતા તેનું વર્ણન કરતાં સંપ્રદાયના ગ્રંથકારો નોંધે છે : 'સવારે વહેલા ઊઠી પોતાનું નિત્ય કર્મ કરી શ્રીહરિ અમદાવાદ જવા રવાના થયા. પાદશાહ વાડી (શાહી મહેલ) સામે આવીને નદી ઊતર્યા. નદીમાં જળક્રીડા કરતાં ચાર ઘડી સંત-હરિભક્તો સહિત સ્નાન કર્યું. નદીમાં સ્નાન કરતાં શ્રીહરિ વહેણમાં ઉપરવાસમાં રહેતા. સંતો-પાર્ષદો નીચે વાસમાં રહેતા. હરિભક્તો તેથી પણ નીચે રહેતા. કારણ કે તેઓ શ્રીહરિ તથા સંતોનું માહાત્મ્ય સમજતા...'[૨૯]

આ સ્નાનલીલા કરીને ભગવાન સ્વામિનારાયણ અમદાવાદ શહેરમાં પ્રવેશવા માટે દિલ્હી દરવાજા તરફ આગળ ધપ્યા. શહેર નજીક આવ્યું ત્યારે શહેરનો સૂબો શ્રીહરિને વધાવવા સન્મુખ આવ્યો હતો. પછીનું વર્ણન કરતાં ગ્રંથકારો લખે છે : ''બધાએ શ્રીહરિને હાર પહેરાવી, શ્રીફળ વગેરે ભેટો મૂકી સાષ્ટાંગ દંડવત-પ્રણામ કર્યા. પછી આંબલીના છાંયે જાજમ બિછાવરાવી સભા કરી. શ્રીહરિ ત્યાં વિરાજમાન થયા... સૂબાએ કહ્યું કે 'મારાં સદ્‌ભાગ્ય છે કે આપનાં અને સંતોનાં મને દર્શન થયાં. ભાગ્ય વગર આવો જોગ મળતો નથી... જેને આપનાં દર્શન થાય છે તેમને ભવભટકન મટી જાય છે.' સૂબાની વાત સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા.

પછી શ્રીહરિ હાથી ઉપર બિરાજ્યા. સૂબાને પણ હાથી ઉપર પોતાની પાસે બેસાડ્યા. સોનાની છડી લઈ મોતીરામ તથા કુબેરસિંહ જયજયકાર કરી છડી પોકારવા લાગ્યા...

શ્રીહરિનાં દર્શન કરવા શહેરના માણસો રસ્તાની બેઉ તરફ ઘણે દૂર સુધી ઊભા હતા... રસ્તામાં શહેરના માણસો અપાર હાર શ્રીહરિને પહેરાવતા હતા. સવારીમાં ચારે તરફ ગુલાલ છાઈ રહ્યો હતો. રસ્તાઓ રંગ અને ફૂલોથી છાઈ રહ્યા હતા. રસ્તાઓ બેઉ બાજુના બગીચાઓમાંનાં નાનાં પ્રકારનાં વૃક્ષો, ફળો અને અનેક પ્રકારનાં પંખીઓના મધુર શબ્દોથી શોભતા હતા. દરેક બગીચામાં એક બંગલો હતો. તેના ઉપર તથા અગાશીઓમાં માણસો દર્શન કરવા ઊભા હતા... એવી શોભાએ યુક્ત શ્રીહરિની સવારી શણગારેલા દિલ્હી દરવાજેથી નગરમાં પ્રવેશી.'[૩૦]

સંપ્રદાયના ઇતિહાસ-ગ્રંથો અને અનુશ્રુતિઓ વર્ણવે છે કે, આંબલીઓની છાયાવાળી એ આમ્રકુંજમાં શ્રીહરિ એક વખત નહીં, પરંતુ અનેક વખત બિરાજ્યા છે, સભા કરીને અમૃત વરસ્યા છે, અહીં વિશ્રામ પણ લીધો છે. ભગવાન સ્વામિનારાયણના સમકાલીન સંતો અને હરિભક્તોના નિકટ સંપર્ક-સત્સંગમાં રહી ચૂકેલા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પ્રમાણભૂતતા મેળવીને આ પ્રાસાદિક આમ્રકુંજ શોધી કાઢી હતી. તેઓ કહેતાં કે, સ્વામિનારાયણ ભગવાન જ્યાં આંબલીઓનાં વૃક્ષોની ઘટામાં સભા કરી બિરાજ્યા હતા એ જ સ્થળે શાહીબાગમાં મંદિર કરવું છે.' અને એ જ ભૂમિ સંપાદિત કરીને તેમણે સન ૧૯૪૮માં 'અહીં ભવ્ય મંદિર થશે' તેવા આશીર્વાદ આપ્યા હતા, તેમજ મંદિરનું સુંદર આયોજન કરી આપ્યું હતું. આજે એ ભૂમિ પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર શોભી રહ્યું છે.[૩૧]

સંપ્રદાયના સાહિત્યમાં શ્રીહરિની શાહીબાગ-લીલાઓની અપાર સ્મૃતિઓ ભંડારી છે. તેમાંથી અહીં થોડુંક આચમન કરીએ.

■ વિક્રમ સંવત ૧૮૬૨માં શ્રીહરિ અમદાવાદ પધાર્યા ત્યારે રામાનંદ સ્વામીના પૂર્વ શિષ્ય રઘુનાથદાસની ઉપાધિને કારણે શહેર છોડીને પાંચ દિવસ સુધી શાહીબાગમાં વૃક્ષોના વનમાં રહેવા આવી ગયા હતા. અહીં રોજ શાહી મહેલના ઘાટે તેમજ નારાયણ ઘાટે સાબરમતીમાં સ્નાન કરતા અને નદી કિનારે આવેલા મહાદેવજીની પૂજા પણ કરતા.[૩૨]

■ વિક્રમ સંવત ૧૮૬૨માં શ્રીહરિ બે વખત અમદાવાદ પધાર્યા અને બંને વખત તેઓ ઉત્તર ગુજરાતમાં વિચરણ કરીને અમદાવાદ પધાર્યા હતા. આ બીજી વખત પણ તેઓ શાહીબાગ પધાર્યા હતા.[૩૩]

■ વિક્રમ સંવત ૧૮૬૫માં ઉત્તરાયણ પછી શ્રીહરિ અમદાવાદ પધાર્યા હતા ત્યારે અમદાવાદથી વિદાય લેતી વેળાએ શાહીબાગ થઈને તેઓ મોટેરા પધાર્યા હતા.[૩૪]

■ વિક્રમ સંવત ૧૮૬૭માં શ્રીહરિ મોટેરા થઈને અમદાવાદ પધાર્યા ત્યારે પૂર્વોક્ત આંબલીવાળી ભૂમિ પરથી શ્રીહરિનું ભવ્ય સામૈયું કરીને હરિભક્તોએ

તેમને દિલ્હી દરવાજેથી શહેરમાં પધરાવ્યા હતા. શ્રીહરિના આ આગમન વેળાએ તત્કાલીન અમદાવાદના મરાઠી સૂબા વિઠ્ઠલરાવે તેમનું કાસળ કાઢી નાખવાનું કાવતરું કર્યું હતું. અંતર્યામી શ્રીહરિએ કાવતરું ખુલ્લું પાડી દીધું એટલે ધૂંઆપૂંઆ થયેલા સૂબાએ શ્રીહરિને શહેરમાંથી નીકળી જવાનું કહ્યું હતું. તે સમયે પણ શ્રીહરિ દરિયાપુર દરવાજેથી પાદશાહવાડીના માર્ગે થઈને મોટેરા પધાર્યા હતા.[૩૫]

ત્યારબાદ સતત ૧૦ વર્ષ સુધી અમદાવાદને શ્રીહરિનો લાભ ન મળ્યો. પરંતુ સન ૧૮૧૮માં મરાઠી શાસનનો અંત આવ્યો અને ઈસ્ટઇન્ડિયા કંપનીના ખેડા જિલ્લાના બ્રિટિશ કલેક્ટર એન્ડ્રુઝ ડનલોપ વતી અમલદાર એરણ સાહેબે અમદાવાદનો કબજો સંભાળ્યો. એ અંગ્રેજ અમલદારોની વિનંતીથી પુનઃ શ્રીહરિનું શાહી સન્માન સાથે અમદાવાદમાં આગમન થયું. પુનઃ શાહીબાગને શ્રીહરિનો લાભ મળવા લાગ્યો.

વિક્રમ સંવત ૧૮૭૫માં ભગવાન સ્વામિનારાયણ અમદાવાદમાં પધાર્યા ત્યારે મોટેરાથી અમદાવાદ પધાર્યા હતા. આ વખતે પણ શ્રીહરિ શાહીબાગની આંબલીઓવાળી આમ્રકુંજમાં પહોંચ્યા અને ત્યાંથી તેમનું ભવ્ય સ્વાગત થયું હતું. તે વખતની લીલાનું વર્ણન કરતાં ગ્રંથકારો નોંધે છે : 'ત્યાં શહેરના સત્સંગીઓ તથા આગેવાનો નાગરિકો તથા મોટા મોટા શાહુકારો વાહનોમાં બેસી શોભાયમાન સામૈયું લઈ શ્રીહરિની સન્મુખ આવ્યા. એરણ સાહેબ પણ સામા આવ્યા અને શ્રીહરિને મળ્યા. તેમણે શ્રીહરિને કહ્યું કે, આપનાં દર્શનથી અમને ઘણો આનંદ થયો છે. આપ અહીંયાં નિવાસ કરી આપનું મંદિર બંધાવો. આપે નવા વાસ પાસેની જમીન પસંદ કરી આપના સેવકો દ્વારા અમને અરજી મોકલાવી, તે પરથી અમોએ વિલાયતમાં કંપની સરકાર પર ભલામણ પત્ર લખી મોકલ્યો છે. અમો તે જમીનનો પાકો દસ્તાવેજ સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધીનો અઘાટ કરી આપીશું.'

પછી શ્રીહરિએ સાહેબને પ્રસાદીનો હાર આપ્યો તે ટોપી પર ધરી લીધો. પછી સાહેબ શ્રીહરિને પગે લાગી ચાલ્યા ગયા. પછી બીજા બધાએ શ્રીહરિને હાર પહેરાવી દર્શન કર્યાં. સામૈયામાં વિલાયતી તથા બીજા પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. સવારી ત્યાંથી ચાલી તે દિવસ અસ્ત થતાં પાદશાહ-વાડીના દ્વારે (દિલ્હી દરવાજે) થઈને શ્રીહરિપુરમાં પ્રવેશ કર્યો.'[૩૬]

આમ, શાહીબાગની એ પ્રાસાદિક ભૂમિ પર જ ભગવાન સ્વામિનારાયણને અંગ્રેજ અમલદાર-શાહીએ, સંપ્રદાયના સર્વપ્રથમ મંદિરની ભૂમિનો યાવત્‌ચંદ્ર લેખ લખી આપવાનું વચન આપ્યું હતું.

શ્રીહરિની આ જ આગમનવેળાએ પ્રબોધિની એકાદશીના ઉત્સવ વખતે પણ નારાયણ ઘાટે સાબરમતીમાં સ્નાન કરવા પધારેલા શ્રીહરિનું હરિભક્તોએ પુનઃ સામૈયું-સન્માન કર્યું હતું.

આમ, શાહીબાગની એ પ્રાસાદિક આમ્રકુંજ, શ્રીહરિના શાહી સ્વાગતની પણ વારંવાર સાક્ષી બની છે.

આ પછીના વર્ષે શ્રીહરિ અમદાવાદ પધાર્યા ત્યારે પુનઃ શાહીબાગ શ્રીહરિનાં પગલાંથી પાવન થયું.

તે સમયના નગરશેઠ હિમાભાઈ હઠીસિંહની વિનંતીથી શ્રીહરિ હઠીસિંહનાં દેરાંનું નિરીક્ષણ કરવા પધાર્યા હતા. શાહીબાગના ઇતિહાસમાં શ્રીહરિની પધરામણી વધુ એક સીમા-ચિહ્ન મૂકી ગઈ.

વિક્રમ સંવત ૧૮૭૮ના મહા મહિનામાં, શ્રીહરિ અમદાવાદ પધાર્યા ત્યારે કાલુપુરમાં નવાવાસમાં મંદિરનું બાંધકામ પૂર્ણતાના આરે હતું. મંદિરની પ્રાણપ્રતિષ્ઠાનો અવસર પણ નજીક આવી ગયો હતો. તે વખતે દૂર દેશાંતરથી આવનારા હરિભક્તોની ઉતારાની વ્યવસ્થા માટે શ્રીહરિ જાતે જુદાં જુદાં સ્થાન જોવા પધાર્યા હતા. અલબત્ત, માત્ર હરિભક્તો જ નહીં, સંતો સાથે સ્વયં શ્રીહરિ પણ તેમાં જ ઊતરવાના હતા. ઉતારાની એ સંભવિત જગ્યાઓમાં શાહીબાગ પણ એક સ્થાન હતું. આ દૃષ્ટિએ શાહીબાગની અનુકૂળતા કે પ્રતિકૂળતાનું નિરીક્ષણ કરવા માટે શ્રીહરિ શાહીબાગ પધાર્યા હતા. તે સમયનું વર્ણન કરતાં ગ્રંથકારો લખે છે : 'શ્રીહરિ માંડવીની પોળમાં થઈ ચાલ્યા તે માણેકચોકથી ઉત્તર દિશામાં દિલ્હી દરવાજે આવ્યા; ત્યાંથી ઉત્તર તરફ સાબરમતી નદીના કિનારે પાદશાહવાડીમાં (શાહીબાગ) આવ્યા. ત્યાં નદી કિનારે એક અનુપમ શાહી મહેલ રહેલો છે. શહેરના કલેક્ટર ડનલોપ સાહેબ તેમાં રહેતા. મહેલની ચારે બાજુ આંબલીઓ વગેરે ઘણી જાતનાં વૃક્ષોની ઘણી ઘટા હતી અને બીજાં વિલાયતી વૃક્ષોના નાના પ્રકારના છોડ રોપેલા હતા તેથી તે જગ્યા અત્યંત શોભાયમાન, સુંદર બગીચા જેવી લાગતી હતી. શ્રીહરિને તે જગ્યા ઊતરવા માટે ગમી, એટલે ઊતરવા માટે સાહેબની રજા માંગી. સાહેબને શ્રીહરિના ઉપર ઘણો ભાવ હતો તેથી બગીચાના નુકસાનની પરવા કર્યા વિના ત્યાં ઊતરવાની રજા આપી. પછી શ્રીહરિએ તે સ્થળ ચારે તરફથી ફરીને જોયું. નદી કિનારો હોવાથી પાણીની તથા છાંયાની સારી સગવડતા જોઈ મન પ્રસન્ન થયું. પરંતુ વિચાર કર્યો કે જગ્યા છે તો સારી, પણ માણસો ઘણા ઊતરે તેથી વૃક્ષોને નુકસાન થાય તેમ છે. માટે આ જગ્યાએ ઉતારો કરવો વાજબી નથી, સ્થળને જરા પણ નુકસાન થાય તે આપણા માટે શોભાસ્પદ ન ગણાય. માટે તે જગ્યા ન રાખી. મહેલને અડીને એક અંધારી વાડી હતી તે જોઈ. તેમાં સીતાફળનાં ઘણાં વૃક્ષો હતાં તેથી તેને પણ નુકસાન થાય તેમ જણાવવાથી ત્યાં પણ ઊતરવાનો વિચાર બંધ રાખ્યો. પછી કુબેરસિંહે મહેલની ફરતાંમાં જેટલામાં સાહેબે ઊતરવાની રજા આપી હતી તે તમામ જગ્યાઓ શ્રીહરિને બતાવી.'[૩૭]

આમ, સમગ્ર શાહીબાગમાં વિચરીને શ્રીહરિએ શાહીબાગની રજેરજને એક વધુ વાર પોતાની ચરણરજથી તીર્થભૂત કરી હતી.

વિક્રમ સંવત ૧૮૮૧ના મહા-ફાગણ મહિનામાં શ્રીહરિ અમદાવાદ આવ્યા ત્યારે ફૂલદોલ ઉત્સવ પ્રસંગે તેઓએ અહીં કરેલી રંગોત્સવની લીલા સંપ્રદાયના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. રંગોત્સવના આ પ્રસંગ બાદ શ્રીહરિ સ્નાન કરવા માટે પુનઃ દિલ્હી દરવાજે થઈને શાહીબાગમાં પધાર્યા તે વખતની લીલાનું વર્ણન કરતાં ગ્રંથકારો લખે છે : '....શ્રીહરિ પાદશાહવાડીના રસ્તે ચાલ્યા તે દિલ્હી દરવાજે થઈને શહેર બહાર નીકળ્યા. એક ગાઉ લાંબી સવારી હતી. સૌને શ્રીહરિ પોતાની પાસે ચાલતા હોય તેમ જણાતું હતું. રસ્તામાં શ્રીહરિ દાડમનું ફળ રાખી જમતા હતા.'

શ્રીહરિની આ સવારી આગળ વધી રહી હતી ત્યારે, દિલ્હી દરવાજા બહાર હઠીસિંહનાં દેરાંથી દરિયાખાનના ઘુંમટના રસ્તે આગળ જતાં થોડે દૂર ડાબી તરફ એક વડનું વૃક્ષ હતું, ત્યાં સૌએ ફકીરના વેશધારી એક માણસને જોયો. તેણે શ્રીહરિની સ્તુતિ કરી. શ્રીહરિએ અડધું દાડમ આપીને તેનો ઉદ્ધાર કર્યો. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે તે દરિયાખાન હતો, તમે દરિયાખાનના ઘુંમટમાં ઊતર્યા હતા ત્યારે તમારા યોગથી તેને અમારો નિશ્ચય થયો હતો. તેથી તેનો અમે મોક્ષ કર્યો.[૩૮]

અહીંથી શ્રીહરિએ પાદશાહવાડી પાસે નારાયણઘાટે સ્નાન લીલા કરી. સંતો અને હરિભક્તોનાં વસ્ત્રો રંગવાળાં હતાં તેથી નદીનું પાણી રંગીન બની ગયું. ત્યારબાદ નવાં વસ્ત્રો ધારણ કરી શ્રીહરિ મોટેરા પધરામણી કરીને પુનઃ વાજતે ગાજતે શાહીબાગના આ જ માર્ગે થઈને શહેરમાં પધાર્યા હતા.

વિક્રમ સંવત ૧૮૮૨માં શ્રીહરિએ અમદાવાદમાં પુનઃ રંગોત્સવ કર્યો તે પણ એક ઇતિહાસ-પ્રસિદ્ધ રંગલીલા છે. આ લીલા બાદ પણ ઉપરોક્ત માર્ગે જ શ્રીહરિએ શાહીબાગમાં પાદશાહવાડી પાસે પધારીને સાબરમતીના જળમાં સ્નાનલીલા કરી હતી. એટલું જ નહીં, ત્યારબાદ શાહીબાગમાં આંબલીની ઘટા નીચે સભા કરી બિરાજ્યા હતા.[૩૯] તેનું વર્ણન કરતાં ભક્તકવિ બદ્રિનાથદાસ[૪૦] ગાય છે :

*'એમ કહીને પૂરણચંદ, પાદશાહ વાડી ગયા ગોવિંદ;*
*તેમાં આંબલો એક ભારી, ત્યાં સભા કરે ગિરધારી...*
*ચાલ્યા નારાયણને ઘાટ, નાવા નીરમાં રે...'*

શ્રીહરિની એ સ્નાનલીલા, રંગોત્સવ અને શાહીબાગને પાવન કર્યાની લીલાઓને કીર્તનોમાં ગૂંથી લેતાં, શ્રીહરિના સમકાલીન દાસ પંક્તિના સંત ગોપાળદાસજી સ્વામીએ ૯ પદો રચ્યાં છે. *'એક સમયે અમદાવાદમાં, આવ્યા શ્યામ સુજાણ...'* પંક્તિથી શરૂ થતાં એ પદો આજેય ઘરોઘર ગવાય છે.

આમ, એક વખત નહીં, પણ અનેક વખત શ્રીહરિએ શાહીબાગને પોતાની દિવ્ય ચરણરજથી ધન્ય કર્યો છે. અહીં તો માત્ર ઉપલબ્ધ આધારોને લક્ષમાં રાખીને સંક્ષેપમાં શ્રીહરિની શાહીબાગ-પધરામણીઓની સ્મૃતિ કરી છે, પરંતુ શ્રીહરિની ન નોંધાયેલી અનેક લીલાઓથી શાહીબાગની પાવન ભૂમિ આજેય એ પવિત્ર સ્પંદનો અનુભવી રહી છે.

ભગવાન સ્વામિનારાયણ અનેક વખત શાહીબાગમાં પધાર્યા, શાહીબાગના માર્ગે આંબલી-આમ્રકુંજમાં બિરાજીને આધ્યાત્મિક ઉપદેશ આપ્યો અને શાહીબાગની ધરતીને તીર્થત્વ આપ્યું, જાણે તેઓએ આવનારાં વર્ષોમાં અહીંથી એક મંદિર રૂપે પ્રવાહિત થનારી ભક્તિગંગાને પોતાનાં ચરણોમાંથી વહેતી મૂકી હતી !

આજે ભલે શાહીબાગની મોગલાઈ શાન ન રહી હોય, પરંતુ બાગ-એ-શાહીનો એ ભૌતિક પ્રભાવ આધ્યાત્મિક આંદોલનોમાં પરિવર્તિત થઈ ગયો છે. વિક્રમ સંવત ૧૮૭૮માં શ્રીહરિને શાહીબાગમાં ઉતારો કરવાની ઇચ્છા થઈ હતી, પરંતુ તે સમયે હરિભક્તો દ્વારા શાહીબાગને નુકસાન ન થાય, તે માટે તેમણે પોતાની ઇચ્છાને ભવિષ્ય પર ઠેલી હતી. આજે એ ઇચ્છા સાકાર થઈ છે. પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ પોતાના આધ્યાત્મિક અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને મુક્તો-ભક્તો સાથે શાહીબાગની આ પ્રાસાદિક ધરતી પર અખંડ બિરાજી ગયા છે. બે સદી પહેલાં એ શાહીબાગમાં ઉતારો કરવા નીકળેલા શ્રીહરિને અહીં સદાય ઉતારો મળી ગયો છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની ફરફરતી ધજાઓ તળે સુવર્ણ મંડિત સિંહાસનમાં બિરાજીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અહીં સૌ પર કૃપાદૃષ્ટિ વરસાવી રહ્યા છે. હજારો આબાલવૃદ્ધ હરિભક્તો-સંતો શ્રીહરિની એ કૃપાદૃષ્ટિને ઝીલવા અહીં ઊમટે છે. આ ધરતી પર મંદિર સ્થાપીને શ્રીહરિની એ દિવ્ય કૃપાદૃષ્ટિ સુલભ કરનાર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં મસ્તક નમાવી સૌ તેમનો આભાર માને છે.

શાહીબાગની શાહી શાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં વિશ્વવ્યાપી આધ્યાત્મિક આંદોલનો દ્વારા આજેય જગતભરમાં પ્રસરી રહી છે. અને આજે રોજ સંતો-ભક્તો શ્રીહરિની એ શાહીબાગની લીલાનું ગાન કરતાં ઉચ્ચારે છે :

*આવ્યા શ્રીપુર સંત સાથ વિચર્યા, લીલા ઘણેરી કરી,*
*રંગોત્સવ કરી દિવ્ય સાભ્રમતીમાં નાહ્યા ઘણું શ્રીહરિ,*
*શાહી મારગ આમ્રકુંજ અહિંયાં વિશ્રામ લેતા ઘડી,*
*સ્થાપી એ અભિષેક મૂર્તિ પ્રમુખે, વંદું હું પાયે પડી...*

**ફૂટનોટ :**

૧. પરીખ રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, સંપાદક (૧૯૭૬), *ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ,* ગ્રંથ ૫. અમદાવાદ : શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન.
૨. મહેતા કપિલરાય મ. (૧૯૪૮), *અમદાવાદ સર્વસંગ્રહ.* અમદાવાદ : ગુજરાત પબ્લિશર્સ. પૃ. ૨
૩. એજન.
૪. હાલના પાલડીમાં સંસ્કારકેન્દ્રવાળા ભાગમાં ટીંબાઓ હતા, જે ખોદવામાં આવ્યા ત્યારે ત્યાંથી જૂના સ્થાપત્યનાં પથ્થરો-મૂર્તિઓ વગેરે અવશેષો મળ્યા હતાં. અહીં આ મંદિર બંધાવ્યું હોઈ શકે એમ તજ્જ્ઞોની ધારણા છે. *ગુ.રા.સાં.ઈ.* (૧૯૭૬), ગ્રંથ ૪, પૃ. ૨૦૨
૫ *ગુ.રા.સાં.ઈ.* (૧૯૭૬), ગ્રંથ ૪, પૃ. ૪૨, ૧૬૫
૬. એજન. પૃ. ૪૭
૭. *અમદાવાદ સર્વસંગ્રહ* (૧૯૪૮), પૃ. ૨
૮. પ્રબંધ ચિંતામણિ, પૃષ્ઠ ૫૫, *ગુ.રા.સાં.ઈ.,* ગ્રંથ ૫, પૃ. ૫૯, *અમદાવાદ સર્વસંગ્રહ* (૧૯૪૮), પૃ. ૨
૯. *ગુ.રા.સાં.ઈ.,* ગ્રંથ ૫ (૧૯૭૭), પૃ. ૫૯
૧૦. એજન, પૃ. ૬૧
૧૧. જોટ રત્નમણિરાવ ભીમરાવ (૧૯૨૯), *ગુજરાતનું પાટનગર અમદાવાદ; ગુ.રા.સાં.ઈ.*, ગ્રંથ ૫ (૧૯૭૭), પૃ. ૬૨
૧૨. ફિરિશ્તા મુહમ્મદ કાસીમ (૧૮૩૧-૩૨), *તારીખે ફિરિશ્તા,* ભાગ ૧-૨, પૂના; ગુજરાતી અનુવાદ : આ.મો.દીવાનજી (૧૯૧૭), *ફિરિશ્તા કૃત ગુજરાતના મુસલમાની સમયનો ઇતિહાસ, ગુ.રા.સાં.ઈ.* (૧૯૭૭), ગ્રંથ ૫, પૃ. ૬૩
૧૩. જોટ રત્નમણિરાવ ભીમરાવ (૧૯૨૯), *ગુજરાતનું પાટનગર અમદાવાદ; ગુ.રા.સાં.ઈ.*, ગ્રંથ ૫ (૧૯૭૭), પૃ. ૬૮
૧૪. એજન.

૧૫. એજન. પૃ. ૬૯
૧૬. એજન.
૧૭. એજન. પૃ. ૬૫
૧૮. રત્નમણિરાવ ભીમરાવ (૧૯૨૮), *શાહીબાગ.* અમદાવાદ : ગુજરાત સાહિત્યસભા, પૃ. ૨
૧૯. એજન. પૃ. ૩.
૨૦. Prof. Commissariat, *History of Gujarat Sultan*, in Yatin Pandya (2001) *The Ahmedabad Chronicle Imprints of a millennium*. Ahmedabad: Vastu-Shilp Foundation, p.6.
૨૧. James Douglas, *Western India*, p. 307-314. રત્નમણિરાવ ભીમરાવ(૧૯૨૮), *શાહીબાગ.* અમદાવાદ : ગુજરાત સાહિત્યસભા, પૃ. ૪
૨૨. અલી મુહમ્મદખાન (૧૯૩૪), ગુજરાતી અનુવાદ : કૃ. મો. ઝવેરી, *મીરાતે અહમદી, ભાગ ૧થી ૪*, અમદાવાદ.
*શાહીબાગ.* પૃ. ૫
૨૩. *શાહીબાગ.* પૃ. ૬-૭
૨૪. એજન. પૃ. ૬-૭
૨૫. એજન. પૃ. ૧૪
*થેવેનોનું અમદાવાદનું વર્ણન, પુરાતત્ત્વ પુરવણી* ૨; *અમદાવાદ ગેઝેટિયર*, પૃ. ૨૮૩ નોંધ
૨૬. એજન. પૃ. ૧૩
James Burgess, *Architecture of Ahmedabad*, Vol. 2, p. 57, Archaeological Survey of Western India.
૨૭. તે સમયે અમદાવાદના સર સૂબા કાકાસાહેબ રઘુનાથ હતા. આ સૂબાને ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષ નહોતો. કાકાસાહેબના મુખ્ય કારભારી મલ્લબા હતા અને મલ્લબાના ભત્રીજા ચીમનરાવજી શહેરના એક પ્રતિષ્ઠિત કારભારી હતા. તેમને ખુશાલ ભટ્ટના (પછીથી સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી) સત્સંગથી ભગવાન સ્વામિનારાયણનો નિશ્ચય થયો હતો. આ ચીમનરાવજીના યોગને કારણે સૂબાને શ્રીહરિ પ્રત્યે સદ્ભાવ થયો હતો. આ ચીમનરાવજીએ વરતાલનાં વચનામૃત ૬-૭માં શ્રીહરિને પ્રશ્નો પૂછ્યા છે. (*અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ*, પૃ. ૨૮-૨૯)
૨૮. મહંત શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસજી(૧૯૭૮), *અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ.* અમદાવાદ સ્વામિનારાયણ મંદિર, કાલુપુર. પૃ. ૩૬
નોંધ : આ ગ્રંથ સ્વામિનારાયણ સંપ્રદાયના જુદા જુદા સ્રોતોમાંથી તૈયાર કરવામાં આવ્યો છે. અલબત્ત, તેમાં મૂળ સ્રોતોના સંદર્ભો ટાંકવામાં ન આવ્યા હોવાથી માત્ર આ જ ગ્રંથ અત્રે ટાંકવામાં આવ્યો છે.
૨૯. એજન. પૃ. ૭૭
૩૦. એજન. પૃ. ૭૮-૮૦
૩૧. નોંધનીય છે કે તત્કાલીન નકશાઓમાં પણ શાસ્ત્રીજી મહારાજે શોધેલી પ્રાસાદિક ભૂમિ પર જ બગીચો કે આમ્રકુંજ હતી. વિશેષ માટે જુઓ આ અંકમાં પૃ. ૧૧ પરના નકશાઓ.
૩૨. *અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ* (૧૯૭૮), પૃ. ૮૪-૮૫
૩૩. એજન. પૃ. ૮૬. ઉત્તર ગુજરાતમાંથી અમદાવાદ શહેરમાં પ્રવેશવાનો માર્ગ શાહીબાગ થઈને જ જાય છે.
૩૪. એજન. પૃ. ૮૯
૩૫. એજન. પૃ. ૧૧૫, ૧૩૫
અત્રે નોંધનીય છે કે, માર્ગ પણ શાહીબાગ મંદિરની હાલની ભૂમિને પૂર્વ બાજુએ સ્પર્શીને જાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે જ્યારે સાબરમતી નદીના કાંઠે સ્નાન કરવા પધારતા, ત્યારે અથવા પાદશાહ-વાડીમાં પધારતા ત્યારે બે માર્ગેથી તેઓ જતા. આ બંને માર્ગને સ્પર્શતી આવેલી બી.એ.પી.એસ. મંદિરની ભૂમિ પર થઈને પધારતા. અને બંને બાજુના માર્ગેથી શ્રીહરિની આ ભૂમિ પર પધરામણી થઈ છે. વિશેષ સમજૂતી માટે જુઓ આ અંકમાં પૃ. ૧૧ પરનો નકશો.
૩૬. એજન. પૃ. ૧૬૭-૧૬૮
૩૭. એજન. પૃ. ૨૧૭-૨૧૮
૩૮. એજન. પૃ. ૩૨૬-૩૨૭
વર્ણનો પરથી એમ જણાય છે કે સંભવતઃ આજ સ્થળે પાછળથી એડવાન્સ મિલ રચાઈ હશે. હાલ તે ભૂમિ પણ શાહીબાગ મંદિરના વિશાળ પરિસરમાં સમાઈ ગઈ છે.
૩૯. એજન. પૃ. ૩૩૯-૩૪૦
૪૦. એજન. પૃ. ૪૪૧

**<u>ફોટો મેટર :</u>**

*મુગલ બાદશાહ શાહજહાંએ બંધાવેલો આ શાહીબાગ મહેલ શ્રીહરિની પદરજથી ઘણી વાર પાવન થયો છે. અમદાવાદમાં પેશ્વાઈ સત્તા પણ શ્રીહરિ તે મહેલમાં એક વખત પધાર્યા હતા. ત્યારબાદ અંગ્રેજ શાસન દરમ્યાન પણ શ્રીહરિ આ મહેલમાં વારંવાર પધાર્યા છે. પાદશાહવાડીના નામથી પણ સંબોધાયેલા આ મહેલની પાછળ આવેલા ઘાટે સાબરમતીમાં શ્રીહરિએ અનેક વાર સ્નાન કરેલું છે તથા મહેલના બગીચામાં પણ ખૂબ વિહર્યા છે. હાલ સરદાર રાષ્ટ્રીય સ્મારક તરીકે પ્રસિદ્ધ આ મહેલ, ઘાટ તથા બગીચો વગેરે તમામ પ્રાસાદિક છે.*

***<u>ફોટો - ૨</u>***

*ભગવાન સ્વામિનારાયણના સમયમાં દિલ્હી દરવાજાનો એક ખ્યાલ આ પુરાણી છબિ આપે છે. આ દરવાજા તળેથી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેક વખત પસાર થયા છે અને આમ જ વિશાળ ભક્તમેદની તેમનાં દર્શનાર્થે ઊમટતી. સંપ્રદાયના શાહીબાગના ઈતિહાસ સાથે આ દિલ્હી દરવાજાનું મહત્ત્વ એટલું જ મહિમાપૂર્ણ છે. દિલ્હી દરવાજાની ઉપર દેખાતી ઓરડીમાં બિરાજીને ભગવાન સ્વામિનારાયણે અહીં કથા-કીર્તન પણ કર્યા-કરાવ્યાં છે.*

***<u>ફોટો - ૩</u>***

શાહીબાગમાં ભગવાન સ્વામિનારાયણે અનેક વખત પધારીને એ સમગ્ર ધરતીને ધન્ય કરી છે. શ્રીહરિ દિલ્હી દરવાજેથી શાહીબાગ પધારતા કે શાહીબાગથી દિલ્હી દરવાજે પધારતા ત્યારે તેઓ હંમેશાં જે માર્ગથી પસાર થતા તે ક્રમાંક **૨**થી સૂચવાયો છે. ક્યારેક શાહી મહેલમાં પધારતા ત્યારે, ક્રમાંક **૪**થી સૂચવાયેલો માર્ગ

પણ પસંદ કર્યો છે. આ બંને માર્ગો છેક ૧૯૦૬ સુધી વૃક્ષોની ઘટાઓથી છવાયેલા હતા. અને ખાસ કરીને દિલ્હી દરવાજા પહેલા જ્યાં તેઓ વિશ્રામ લેતા કે જ્યાંથી તેઓની સ્વાગત શોભાયાત્રા શરૂ થતી તે આંબલીઓ અને આંબાઓની કુંજ, ઉપરોક્ત બંને માર્ગથી બનતા ત્રિકોણની વચ્ચે(ક્રમાંક ૩) હતી. સન ૧૯૨૮ના નકશામાં પણ તે ભૂમિ પર ઉપવન બતાવવામાં આવ્યું છે. સન ૧૮૫૬ના નકશામાં પણ ત્યાં ઉદ્યાન દર્શાવવામાં આવ્યો છે. ભગવાન સ્વામિનારાયણના સમયથી એટલે કે છેક ૧૮૩૦થી લઈને ૧૯૨૮ સુધીના નકશાઓમાં નારાયણઘાટ (ક્રમાંક ૫) કે શાહી મહેલથી (ક્રમાંક ૬) દિલ્હી દરવાજા તરફ આવતાં માત્ર આ એક જ આમ્રકુંજ દર્શાવાઈ છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે એ જ પ્રાસાદિક ભૂમિની પ્રમાણભૂતતા મેળવીને તેના પર મંદિર રચવાનો નિર્ણય કર્યો હતો. આજે એ ભૂમિ પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર શ્રીહરિની દિવ્ય અનુભૂતિ કરાવે છે.

◆

## શ્રીહરિ કયા માર્ગે અમદાવાદમાં પ્રવેશતા ?

*અમદાવાદને ભગવાન સ્વામિનારાયણનું સાંનિધ્ય અનેક વખત સાંપડ્યું. તત્કાલીન મરાઠા શાસકોની તુમાખી અને તત્કાલીન બ્રિટિશ અધિકારીઓની શાલીનતા વચ્ચે, ભગવાન શ્રી સ્વામિનારાયણે માન-સન્માન-બહુમાન અને અપમાનોના ચઢાવ-ઉતારને ગણકાર્યા વિના, અનેક વખત આ નગરીને પાવન કરી. એક ગણતરીરૂપે એમ કહી શકાય કે તેઓ ૧૯ વર્ષના સમય-અંતરાલમાં ૨૫ વખત અમદાવાદ પધાર્યા છે. દરેક વખતે તેઓ કયા માર્ગેથી અમદાવાદ પધારતા હતા કે કયા માર્ગેથી અમદાવાદથી બહાર નીકળતા હતા ? તે એક અભ્યસનીય વિષય છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં પ્રવેશવાના ૨૧ દરવાજા હતા, પરંતુ તે પૈકી તેમણે સૌથી વધુ ઉપયોગ ત્રણનો કર્યો છે - દિલ્હી દરવાજા, રાયપુર દરવાજા, જમાલપુર દરવાજા.*

*અમદાવાદ આવવાનો કે અમદાવાદથી અન્યત્ર જવાનો તેમનો મુખ્ય માર્ગ આમ રહ્યો છે : દંઢાવ્ય(ઉત્તર ગુજરાત) ↔ અમદાવાદ ↔ દશક્રોઈ (અસલાલી - જેતલપુર - વહેલાલ વગેરે). ઉપલબ્ધ માહિતી અનુસાર, અપવાદરૂપે માત્ર બે વખત તેઓ સાણંદથી સરખેજ થઈને એટલે કે અમદાવાદની પૂર્વ-દક્ષિણેથી પધાર્યા છે.*

*જ્યારે જ્યારે તેઓ ઉત્તર ગુજરાતથી અમદાવાદ પધાર્યા કે તે તરફ તેઓએ વિદાય લીધી ત્યારે ત્યારે તેઓએ શાહીબાગ માર્ગેથી જ પસાર થયા છે. તેઓ અસલાલી કે વહેલાલ તરફથી આવ્યા છે કે ગયા છે ત્યારે મહદ્અંશે રાયપુર દરવાજેથી અથવા તો અન્ય પૂર્વ તરફના દરવાજેથી પસાર થયા છે, પરંતુ જ્યારે તેઓ સૌરાષ્ટ્ર તરફથી આવ્યા છે કે સાણંદ અને સરખેજ થઈને તેઓ માત્ર બે જ વખત અમદાવાદમાં પ્રવેશ્યા છે. તે સમયે એલિસપુલ કે સરદારપુલ વગેરે પુલ ન હોવાને કારણે સરખેજથી વાસણા-પાલડીના રસ્તે થઈને, શહેરના પશ્ચિમ તરફના દ્વારેથી શહેરમાં પ્રવેશવાની કોઈ જ માર્ગ ન હતો. આથી, વાસણા-પાલડી જવાના બદલે સરખેજથી સીધા જ નદી ઊતરી, શાહબારી થઈને જમાલપુર દરવાજેથી શહેરમાં પ્રવેશવાનો એકમાત્ર વિકલ્પ બાકી બચતો હતો. ભગવાન સ્વામિનારાયણના સમયના નકશાઓ પણ તેની ગવાહી પૂરે છે. આ અભ્યાસ કરતાં લાગે છે કે શાહીબાગ-દિલ્હી દરવાજાનો માર્ગ ભગવાન સ્વામિનારાયણે પ્રમાણમાં વધુ ઉપયોગમાં લીધો છે. આથી આ માર્ગ શ્રીહરિના સ્પર્શથી ખરા અર્થમાં તીર્થત્વ પામ્યો છે.*

◆

# 3.

*સ્વામિનારાયણ વેદાંત લેખમાળા અંતર્ગત : શ્રીમદ્ભગવદ્ગીતા ચિંતન-૧૬*

## સ્થિતપ્રજ્ઞ મહાપુરુષની ઓળખ : દુઃખમાં જેનું મન ઉદ્વેગ પામતું નથી...
## (અધ્યાય - ૨)

■ સાધુ ભદ્રેશદાસ (ષડ્દર્શનાચાર્ય, પીએચ.ડી., ડી.લીટ)

જિંદગી એટલે ઊંટ પર સવારી. આવતી કાલે આવનાર હેલા વિષે આપણે કાંઈ જાણતા નથી. ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે? પ્રાચીન કાળથી ચાલ્યું આવતું આ ત્રિકાલાબાધિત સત્ય છે. નિત્ય નવા પડકારોને ઝીલવા તૈયાર રહેવાનું છે. નિત્યનવી ઊઠતી સમસ્યાઓનો સામનો કરવાની તાકાત જરૂરી છે. સ્થિતપ્રજ્ઞતા એ તાકાતનું રહસ્ય છે.

અર્જુન અત્યારે એવા હેલામાંથી પસાર થઈ રહ્યો છે. બાહ્યશત્રુઓના સ્થાને પહેલા તો તેને અંતઃશત્રુઓએ જ અહીં પડકાર્યો છે. અણધાર્યો પડકાર છે. ઝીલ્યા વગર હવે છૂટકો નથી. ઝઝૂમ્યા વગર છૂટકો નથી અને જીત્યા વગર પણ છૂટકો નથી. ગીતા પાર્થને પડકારો ઝીલતાં શીખવે છે. તેની સામે ઝઝૂમતાં રહેવાની યુક્તિ બતાવે છે. તેના પર વિજય પ્રાપ્ત કરે તેવો તાકતવર બનાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ સ્થિતપ્રજ્ઞતાનો ઉપદેશ કરી તેને શક્તિશાળી બનાવી રહ્યા છે.

### ■ दुःखेषु अनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः - ન દુઃખમાં ઉદ્વેગ, ન સુખમાં સ્પૃહા

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે -

'दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते॥'

'દુઃખોની પ્રાપ્તિ થવા છતાં જેનું મન ઉદ્વેગ નથી પામતું, સુખોની પ્રાપ્તિ થવા છતાં જે નિઃસ્પૃહી રહે છે તથા જેના રાગ, ભય અને ક્રોધ નાશ પામ્યા છે, એવો મુનિ સ્થિરબુદ્ધિવાળો કહેવાય છે.' (ગીતા ૨-૫૬)

બુદ્ધિની સ્થિરતા એટલે હૈયાની સ્વસ્થતા. રોજબરોજ થતા સુખદુઃખના અનુભવો સાથે તેનો ખાસ સંબંધ છે. કેટલાકે જીવનને સુખ-દુઃખનો સરવાળો કહ્યો છે. 'સંસાર છે સુખ-દુઃખનો દરિયો' એમ આપણા સંતોનું તારણ છે. સુખ અને દુઃખ ! બંને ભારે પ્રભાવક છે. આપણી રોજિંદી ક્રિયાઓ પર તેની ખૂબ ઊંડી અસર હોય છે. કોઈ કાર્ય કરવામાં ક્યારેક ઉત્સાહ અને ક્યારેક ઉદ્વેગ. ક્યારેક તાજગી તો ક્યારેક કંટાળો. સુખ-દુઃખનાં હડસેલાથી ઊઠેલા આ તરંગો છે. તરંગમય જીવનની આ ક્ષણોને શાંત સરોવર બનાવી શકાય, જો આપણે સુખ-દુઃખને પેલે પાર જતા રહીએ તો. સ્થિતપ્રજ્ઞતા એવો પ્રદેશ છે. ત્યાં લૌકિક સુખ-દુઃખના હડસેલા નથી. આથી જ કોઈ તરંગો નથી. ખળભળાટ નથી. શાંતિ છે. પરમ શાંતિ. પરમાત્માની પરમ શાંતિ.

### ■ दुःखेष्वनुद्विग्नमनाः - ન દુઃખમાં ઉદ્વેગ

દુઃખ કોઈને ગમતું નથી. પણ તે આવ્યા વગર રહેતું પણ નથી. દુઃખ પણ અનેક પ્રકારનાં છે. કાંઈ જોઈતું હોય ને ન મળે. મળે તો જેવું-તેવું મળે. માંડ મળ્યું હોય તેમાં કોઈ ચોરી જાય. કાંઈક તૂટે. કોઈ લીધેલું પાછું ન આપે. ખાવાનાં સાંસાં પડતાં હોય. ખાવાનું મળે તો તેમાં સ્વાદનું ઠેકાણું ન હોય. આર્થિક કટોકટી સર્જાઈ જાય. ઘર-સંસાર ચલાવવાની ચિંતાઓ અટકવાનું નામ ન લેતી હોય. વળી, અણગમતી વ્યક્તિ સાથે જ જિંદગી ગુજારવાની નોબત આવી પડે. ગમતી વ્યક્તિઓ સાથે રહેવાનો મેળ જ ન ખાય. કુટુંબમાં આપણું કોઈ સ્થાન ન હોય. આપણને કોઈ પ્રેમ ન કરે. સંભાળ ન રાખે. રાખે તોય લાગણી વગરની. જેટલો કાંઈ સંબંધ રાખતા હોય તેમાં સ્વાર્થની પાકી ગણતરી હોય. આપણી ચિંતાનો ઢોંગ કરાતો હોય. પ્રેમનો ઢોંગ કરાતો હોય. આપણી ઉપસ્થિતિમાં વખાણ થાય ને પાછળથી વાટવામાં પાછું વાળીને જોવામાં ન આવતું હોય. ઘણાં બોલીને બગાડતા ન હોય, પણ આંતરિક પૂર્વગ્રહોમાં પર્વતપ્રાય થઈ બેઠા હોય. બોલા-બોલી, અબોલાં, કજિયા-કંકાસ કે પછી શારીરિક તાડનની ઘટનાઓ વારંવાર બનતી હોય. એનો અંત દેખાતો ન હોય. સાથેની વ્યક્તિ વિશ્વાસઘાત કરે. શરીર પણ સાથ આપતું ન હોય. તબિયત સુધરવાનું નામ ન લેતી હોય. વારંવાર કોઈ ને કોઈ રોગ આવ્યા જ કરતા હોય. દવા જ ખોરાક થઈ ગયો હોય. દવા લાગુ ન પડતી હોય. તેના ખર્ચા ક્યાં જઈ અટકશે એ સમજાતું ન હોય.

સમાજમાં આપણું કોઈ સ્થાન ન હોય. નિર્ધનતાને લઈને તરછોડાવું પડે. આવડતના અભાવે તરછોડાવું પડે. સતત કોઈનાથી દબાઈને જીવવાના દિવસો આવે. માનસિક શોષણે અડ્ડો જમાવી દીધો હોય. આપણા ઉપરીઓ કે સાથેના આપણી વાસ્તવિકતાને સમજતા ન હોય. અવળું સમજતા હોય. સત્તાની રૂએ આપણું જેમ તેમ બોલતાં અચકાતા ન હોય. આપણે સત્ય સમજાવવા હજાર પ્રયત્નો કરીએ છતાં સામેવાળાના વિચારોએ જડતા પકડી લીધી હોય. તેઓ અમુકનું કહેલું તરત માની લેતા હોય, ભલે ને તે સાવ જુઠ્ઠાણું હોય સામે આપણને સદાય શંકાની નજરે જ જોતા હોય. વિશ્વાસનું નામ ન હોય. નીચ અને અધર્મીઓમાં વધુ વિશ્વાસ રાખતા હોય.

બીજાના સાવ સામાન્ય કાર્યની પણ ઘણી કદર થાય અને આપણે કાંઈક કર્યું હોય, સાવ સામાન્ય કરતાં ઘણું સારું કર્યું હોય, સારી ભાવનાથી કર્યું હોય, ખરેખર ઉપકાર કર્યો હોય છતાં તેની નોંધ ન લેવાય. એમાં શું મોટી ધાડ મારી ? એમ કહી તેને દબાવી દેવામાં આવે. પક્ષપાત કરતા હોય.

આપણું કોઈ માને નહીં. અમુક નિર્ણયોમાં આપણને ભેળવે નહીં. આપણને સન્માનની નજરે ન જુએ. અપમાનિત કરવામાં આવે. 'તમને કાંઈ ખબર ન પડે' એમ કહી પાંચની વચ્ચે આપણને પાછા પાડવામાં આવે... ઇત્યાદિ.

જીવનમાં અનુભવાતાં દુઃખોની આ યાદી છે. આ યાદીને હજુ આપણે વધારી શકીએ તેમ છીએ.

હા, એક વાતની સ્પષ્ટતા કરી લઈએ કે, ઉપરોક્ત બાબતો કેવળ આપણને લાગતી હોય એમ નહી, પરંતુ હકીકતે બનતી હોય. ખરેખર એમ જ હોય. તેવી પરિસ્થિતિમાં પણ મનને ઉદ્વેગ વગરનું રાખવાનો અહીં ઉપદેશ છે.

પીડા અને દુઃખને જરા જુદી રીતે સમજીશું તો અહીંનું તાત્પર્ય વધુ સ્પષ્ટ થશે. જેમ કે અકસ્માત થાય તો હાથ-પગ ભાંગે કે મૂંઢમાર વાગે. શરીરને નુકસાન થાય. પીડા પણ થાય. આ પીડાને દુઃખ ન કહેવાય. કારણ એ પીડા તો શારીરિક ઘટના છે, પરંતુ એ પીડાને કારણે મનમાં જે ઉદ્વેગ ઉત્પન્ન થાય છે, તે દુઃખ છે. તાવ આવે તો શરીર તૂટે પણ તેને દુઃખ ન કહેવાય, પરંતુ તાવમાં બેબાકળા થઈ જવું ને હવે મારું શું થશે, હું તો મરી ગયો... વગેરે જે મનના પ્રતિભાવો છે તેને દુઃખ કહેવાય. અચાનક નોકરી છૂટી જાય, કે પછી ધંધામાં ખોટ આવે તેથી સંસાર-વ્યવહારમાં મુશ્કેલી જરૂર આવે, પરંતુ તેને દુઃખ ન કહેવાય. એવા પ્રસંગોમાં મનમાં જે ઉદ્વેગના ઊભરા આવે છે તે દુઃખ છે.

બીમારી રોકી ન શકાય, બીમારીના દુઃખને રોકી શકાય. નોકરી-ધંધાના પ્રશ્નોને રોકી નહીં શકાય, પરંતુ તેનાથી ઊપજતી મનની મૂંઝવણને રોકી શકાય. સ્થિતપ્રજ્ઞતા એવી શક્તિ છે. તે કોઈ પણ પરિસ્થિતિમાં આપણને દુઃખો પર, મૂંઝવણો પર વિજય પ્રાપ્ત કરવાની કરામત શિખવાડે છે. 'दुःखेषु अनुद्विग्नमनाः' કહીને એ કરામત શ્રીકૃષ્ણે અર્જુન સમક્ષ ઉદ્‌ઘાટિત કરી છે.

અલબત્ત, અહીં પ્રયોજેલો 'दुःखेषु' શબ્દ સામાન્ય માનવી જે પ્રસંગોને દુઃખરૂપ કહે છે તેને ધ્યાનમાં રાખીને છે. વાસ્તવમાં આ લોકના કોઈ પણ પ્રસંગની દુઃખરૂપતા કે સુખરૂપતાનો નિર્ણય તો તે પ્રસંગને કોણ કઈ રીતે વિચારે છે અને કઈ રીતે તેની લાગણીઓના પ્રતિભાવો બંધાય છે તેના આધારે થતો હોય છે.

'दुःखेषु अनुद्विग्नमनाः' ગીતાના આ શબ્દો બીજી પણ એક વાસ્તવિકતા ઉજાગર કરી આપે છે. જીવનમાં દુઃખ આવે જ નહીં એવી અહીં કોઈ વાત જ નથી. દુઃખો તો આવે જ. સામાન્ય માનવીને પણ આવે અને સત્પુરુષોને પણ આવે. સુખની જેમ દુઃખ પણ જીવનની ઘટમાળનો એક અપરિહાર્ય ભાગ છે. પરિસ્થિતિઓ બદલી શકાતી નથી, પરંતુ સાચી સમજણથી તેવી પરિસ્થિતિઓમાં મનને ઉદ્વેગ વગરનું રાખી શકાય છે. વિચારોમાં સમતુલન લાવી શકાય છે, એમ અહીં સ્પષ્ટ થાય છે.

સત્પુરુષો પાસે આવી સાચી સમજણનો અઢળક વૈભવભંડાર ભરેલો હોય છે. આ સાચી સમજણ એટલે સ્થિતપ્રજ્ઞતા. પરમાત્માના સ્વરૂપની સાચી અને સ્થિર ઓળખ.

સ્થિતપ્રજ્ઞ પુરુષોનું ચિત્ત પરમાત્મા સાથે એકતાર થયેલું હોય છે. કરનાર, હરનાર અને તારણહાર ભગવાન છે એ સત્ય તેમણે સાધી લીધું હોય છે. તેથી દુઃખના પ્રસંગોમાં પણ તેઓની આંતરિક સ્વસ્થતાને કોઈ અસર થતી નથી. તેઓ ક્યારેય આવી પરિસ્થિતિઓમાં પરમાત્માને દોષ દેવા નથી લાગતા કે મેં તમારી આટલી ભક્તિ કરી તોય મને કેમ આટલું દુઃખ આપ્યું ? તેઓ દરેક પ્રસંગને પ્રભુનો પ્રસાદ સમજતા હોય છે. 'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં, જેમ કરશે તેમ સુખ જ થાશે' એ પ્રકારે તેઓની બુદ્ધિ કાયમ નિશ્ચળ અને સ્થિર ટેક ધરી રહે છે.

આથી જ તો તેઓ એક પ્રસંગ ઘટી ગયા પછી તુરંત બીજી જ ક્ષણે બીજા કાર્યમાં ખૂબ જ સ્વસ્થપણે જોડાઈ પણ જાય છે. અને તે બીજી ક્રિયાને પૂર્વપ્રસંગ કોઈ પણ રીતે પ્રભાવિત કરી શકતો નથી.

તેઓની આ સમજણ પણ જીવનમાં આવતા પ્રશ્નોના જવાબ રૂપે કાલ્પનિક રીતે ઊભી કરેલી મનોવૈજ્ઞાનિક વિચારધારા માત્ર નથી હોતી. જે કાંઈ બન્યું છે, બની રહ્યું છે કે પછી બનશે તે બધું જ ભગવાનની જ ઇચ્છાથી થઈ રહ્યું છે તેવી તેઓની પ્રત્યક્ષ પ્રમાણ અનુભૂતિ હોય છે.

પ્રત્યક્ષ દાખલાથી આ ભાવનાને વધુ સ્પષ્ટ કરીએ.

પરમ પૂજ્ય શ્રીપ્રમુખસ્વામીમહારાજને હાર્ટ એટેક આવેલ છે. તેઓની બાયપાસ સર્જરી પણ થયેલી છે. તા. ૧૯-૨-૨૦૦૭ના રોજ તેઓશ્રી મુંબઈમાં હતા. હાર્ટના મેડિકલ ટેસ્ટ લેવાના હતા. ડૉક્ટરો ઉપસ્થિત હતા. તેઓશ્રીને મેડિકલ ટેસ્ટ માટે કેબિનમાં લઈ જવામાં આવ્યા. ટેસ્ટનું કાર્ય પૂર્ણ થયું. ત્યાર બાદ  ડૉ. કે. એન. પટેલ સ્વામીશ્રી પાસે આવ્યા. ભારતના વિખ્યાત હૃદયરોગ નિષ્ણાત ડૉ. અશ્વિન મહેતાની વાત કરતાં ડૉ. કે. એન. પટેલે કહ્યું, - 'સ્વામીશ્રી ! ડૉ. અશ્વિન મહેતા આજે આપનો ટેસ્ટ થયા પછી નીકળી રહ્યા હતા ત્યારે મને કહે કે 'પ્રમુખસ્વામી તો ગજબના છે ! ટેસ્ટ માટે અંદર ગયા અને એ પહેલાં પણ મેં તેમના મુખ સામે જોયું હતું. તેમના મુખ ઉપર કોઈ ચિંતા જ હતી નહીં. મેં તો ભલભલા મોટાઓને ટ્રીટ કર્યા છે. મોટા ધર્મગુરુ હોય કે દેશના વડાપ્રધાન હોય, પણ આવી ક્ષણ આવે ત્યારે બધાનાં મોઢાં બદલાઈ ગયેલાં જોયાં છે. અંદરથી ડિપ્રેશનમાં આવી ગયા હોય એવું મેં જોયું છે, જ્યારે પ્રમુખસ્વામીના મુખ ઉપર તો કોઈ ભાવ બદલાયેલા હતા જ નહીં.' આ સાંભળી સ્વામીશ્રી કહે, 'આપણે તો ઠાકોરજી ભેગા લઈને જ જઈએ છીએ. આપણી ચિંતા એ કરે છે. એમની ઇચ્છા હોય એમ થાય છે. કર્તા એ છે.' ખરેખર, સત્પુરુષોના જીવનમાં સ્થિતપ્રજ્ઞતાની બુલંદી પડઘાતી હોય છે.

ઈ.સ. ૧૯૭૪ની ૨૫મી જાન્યુઆરીએ વહેલી સવારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની એક ધર્મગુરુ તરીકે પ્રથમ વિદેશયાત્રા આરંભાતી હતી. તેઓ ભારત(મુંબઈ)થી આફ્રિકા (નાઈરોબી) જઈ રહ્યા હતા. મુંબઈ ઍરપોર્ટ પર હજારોની મેદનીએ સ્વામીશ્રી સહિત ૧૨ સંતોને ભવ્ય વિદાય આપી. બરાબર ૧૦-૧૫ વાગે એરઈન્ડિયાનું 'ગૌરીશંકર' જમ્બો જેટ વિમાન ઊપડ્યું. નાઈરોબી ઊતર્યું.

આફ્રિકાના સેંકડો ભક્તો ફૂલહાર લઈને ઍરપોર્ટ પર સ્વાગત કરવા તત્પર હતા, પરંતુ અચાનક જ ઍરપોર્ટ ઉપર જાહેરાત થઈ: 'પ્રમુખસ્વામી અને પાર્ટી અહીં ઊતરી શકશે નહીં. તેમને ભારત પાછા જવાનું છે.' જાહેરાતના શબ્દો જાણે વજ્રપાત હતો. સૌને આંચકો લાગ્યો. નાઈરોબીના ભક્તો માટે તો આ ભયંકર આઘાત હતો. અચાનક આવું કેમ થયું ? આવું થાય એમાં આપણી આબરૂ શું ? કોણે આ કારસ્તાન કર્યું ? વગેરે જાત-જાતના તર્ક-વિતર્કો સૌનાં મનમાં ઊઠવા લાગ્યા. ચર્ચાઓ થવા લાગી. સર્વત્ર વૈચારિક અસ્થિરતા પ્રસરી ચૂકી. સૌને થયું, પરમ પૂજ્ય સ્વામીશ્રીને કેવું લાગ્યું હશે? પોતાને નહીં ઊતરવા દેવાની જાહેરાત સ્વામીશ્રીએ પણ સાંભળી હતી. પરંતુ તેઓનો પ્રત્યુત્તર માત્ર એટલો જ હતો - 'ભગવાનની જેવી મરજી.'

મુખ પર એ જ ચિત્તની પ્રસન્નતા. આંતરિક ભાવોમાં પણ કોઈ ફેરફાર નહીં. એ જ સ્થિરતા. ગીતાની સ્થિતપ્રજ્ઞતાનું આ પ્રત્યક્ષ દર્શન હતું. જોનાર

સૌ કોઈને પાછા વાળ્યાના અપમાન કરતાં પણ સ્વામીશ્રીની ભગવાનના કર્તાપણાની પર્વતપ્રાય સમજણરૂપી સ્થિતપ્રજ્ઞતા વધુ વિચલિત કરી રહી હતી.

વધુ અહોભાવ તો ત્યારે થાય છે, જ્યારે આ પ્રસંગ બન્યા પછી સ્વામીશ્રી તુરંત ઠાકોરજીના થાળ વગેરેની ચિંતા કરવા લાગી જાય છે. જાણે કાંઈ બન્યું જ નથી. મુંબઈ પાછા આવ્યા અને સૌને એટલો આનંદ કરાવ્યો કે સૌ કોઈ પણ જાણે બનેલી ઘટનાને વીસરી ગયા. પછી તો પોતે જ ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતમાંથી ગઢડા પ્રથમ પ્રકરણનું ૭૪મું વચનામૃત વાંચ્યું, જેના શબ્દો હતા - '...જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય.' આમ કહી શ્રીજી મહારાજે ફરી વાત કરી કે - 'આપણે તો શ્રીકૃષ્ણ નારાયણના દાસ છીએ, તે શ્રીકૃષ્ણ નારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું... અને એ ભગવાન આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું... પણ કોઈ રીતે હર્ષ-શોક મનમાં ધારવો નહીં. એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહીં.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪) સ્થિતપ્રજ્ઞતાનું રહસ્ય આ શબ્દોમાં સમાયું હતું. સ્વામીશ્રી આ શબ્દો જ્યારે સમજાવતા હતા ત્યારે તેમના જીવન સાથેની એકરસતા સહેજે જ નીખરી ઊઠતી હતી. એ રહસ્ય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પૂરેપૂરું ઘૂંટાયું છે એ વાતની સૌને અનુભૂતિ થઈ.

મુશ્કેલીભર્યા સંજોગોને લીધે અર્જુનનું મન પણ ઉદ્વિગ્ન હતું. તેથી જ તો તેણે 'स्थितप्रज्ञस्य का भाषा' 'હે કેશવ, સ્થિર સમજણવાળાનાં લક્ષણ કેવાં હોય ?' એમ ભારે મુમુક્ષુતાથી પ્રશ્ન પૂછ્યો હતો. અને શ્રીકૃષ્ણ અહીં 'दुःखेषु अनुद्विग्नमनाः' કહીને તેને સ્થિતપ્રજ્ઞતાની દિશામાં દોરી રહ્યા છે.

આ રહસ્ય આપણા જીવનમાં પણ ઘૂંટાય, જો આપણે પણ આવા સત્પુરુષોના દિવ્ય જીવનપ્રસંગોનું મનન કરી સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરીએ. પછી મુશ્કેલીભર્યા સંજોગોમાં પણ વિહ્વળ નહીં થઈ જવાય, ધૈર્યહીન નહીં થઈ જઈએ, ધીરે ધીરે પ્રભુ સાથે એક તાર થવાની ખબર પડવા લાગશે અને તેમના કર્તાપણાની સમજણમાં સ્થિરતા પ્રાપ્ત થતી જશે. આ રીતે ઉપરોક્ત શ્લોકના એક પાદનું ચિંતન કર્યું. ત્યાર પછીનાં પાદોનું ચિંતન આવતા અંકમાં કરીશું. અસ્તુ. ◆

*સ્વામિનારાયણ વેદાંત લેખમાળા અંતર્ગત : શ્રીમદ્ભગવદ્ગીતા ચિંતન-૧૭*

# સ્થિતપ્રજ્ઞ મહાપુરુષની ઓળખ : સુખની પણ જેને સ્પૃહા નથી...
# (અધ્યાય - ૨)

■ સાધુ ભદ્રેશદાસ (ષડ્દર્શનાચાર્ય, પીએચ.ડી., ડી.લીટ)

**જીવનની અસ્થિરતા એટલે વિચારોની વિક્ષુબ્ધતા. વિચારોની વિક્ષુબ્ધતા એટલે આવેગ. આવેગ બે પ્રકારના હોય છે. એક મોહાત્મક અને બીજો દ્વેષાત્મક. મોહાત્મક આવેગો સુખમય હોય છે. દ્વેષાત્મક આવેગો દુઃખમય. આ બંને પ્રકારના આવેગો સવાર થતાં વ્યક્તિ પોતાનું માનસિક સંતુલન ખોઈ બેસે છે. બંનેમાં આંતરિક વિક્ષોભ થયા વગર રહેતો નથી. આથી જ મનુષ્ય દુઃખના અતિરેકમાં કે સુખના અતિરેકમાં ન વિચારવાનું વિચારવા લાગે છે. ન ધારવાનું ધારવા લાગે છે. વ્યર્થ અને હાનિકારક સમજણોથી ઘેરાઈ જાય છે. ખોટા નિર્ણયો કરવા લાગે છે. ખોટું આચરણ કરવા લાગે છે. પરિણામે જીવન પરમ સંતોષ કે પરમ આનંદથી વંચિત રહી જાય છે, અસ્થિરતાનો શિકાર બને છે.**

**સ્થિતપ્રજ્ઞતા આવા આવેગોને આપણા જીવનમાંથી દૂર કરે છે, મનને તંદુરસ્ત બનાવે છે. આથી સાચા આધ્યાત્મિક વિકાસ માટે, મનોવિકાસ માટે કે બૌદ્ધિકવિકાસ માટે સ્થિતપ્રજ્ઞતાને સમજ્યા વગર અને તે કેળવ્યા વગર છૂટકો નથી. એમ ધારીને ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન સમક્ષ સ્થિરજીવનની સંજીવનીસમી સ્થિતપ્રજ્ઞતાને ઉદ્ઘાટિત કરી રહ્યા છે. એમાં દુઃખના પ્રસંગોમાં કેવું વલણ અપનાવવું તે આ પૂર્વેના અંકમાં જોયું. હવે સુખના પ્રસંગોમાં કેવું મનોવલણ રાખવું તે અંગે ગીતાના ઉપદેશોનું ચિંતન કરીએ.**

## ■ सुखेषु विगतस्पृहः - સુખમાં ન કોઈ સ્પૃહા

सुखेषु विगतस्पृहः ! સુખમાં પણ સ્પૃહા નહીં! આશ્ચર્ય ઉપજાવે તેવી આ વાત છે, પરંતુ સમજાઈ જાય તો સાચા આનંદની અનુભૂતિ કરાવે એવી છે.

સ્પૃહા એટલે લાલસા. સુખ શબ્દથી અહીં લૌકિક સુખ-સગવડોની વાત કરી છે. હકીકતે દુઃખોનું મૂળ સુખની સ્પૃહામાં પાંગરતું હોય છે. ગરીબી એટલી પીડાદાયક નથી હોતી, પરંતુ અમીર થવાની સ્પૃહા માનવીને હેરાન કરી મૂકે છે. આ સુખ મને મળવું જ જોઈએ, આ સગવડો મને મળવી જ જોઈએ - એ પ્રકારે આપણે સ્પૃહાથી બંધાઈએ છીએ, ત્યારે દુઃખની માત્રા વધવા લાગે છે.

આથી જ 'दुःखेषु अनुद्विग्नमनाः' કહીને દુઃખમાં વિચલિત ન થવાનો ઉપદેશ તો કર્યો જ હતો, પરંતુ હવે સુખ પણ વિચલિત કરી ન જાય તે ધ્યાન રાખવાનું કહે છે. ગીતા અહીં આપણને એક ડગલું આગળ લઈ જવા ઇચ્છે છે. દુઃખ પચાવવું અઘરું છે, પરંતુ સુખ પચાવવું વધુ અઘરું છે તે યાદ કરાવે છે. કારણ દુઃખની અવરોધકતા કદાચ સમજી શકાય છે, પણ સુખ પણ અવરોધક છે તે સત્ય સમજાતાં વાર લાગે છે. એમાંય વળી દુઃખ કરતાં સુખ વિશેષ બંધનકારી છે તે તો જાણે સમજાતું જ નથી, પરંતુ જો આ સત્ય સમજાઈ જાય તો તરત જીવનમાં ફેરફાર જોવા મળશે. જીવન વધુ આનંદમય બનતું અનુભવાશે.

એક દાખલા દ્વારા સમજીએ. કોઈ એક વિદ્યાર્થી છે. પરીક્ષાનો સમય નજીક છે. વાંચવામાં તલ્લીન છે. એ વખતે કોઈ એવી વ્યક્તિ તેની પાસે આવે કે જેની સાથે તેને બનતું નથી. હવે તેનું વાંચવામાં મન નહીં રહે. એમાંય તે અણગમતી વ્યક્તિ તેને જાણી જોઈને હેરાન કરે, જરૂર વગરની વાતો કરે, ઘોંઘાટ કરે કે પછી કોઈ પણ રીતે તેને ખલેલ પાડે તો તે વિદ્યાર્થી દુઃખી થઈ જશે. પરિણામે તેનું વાંચનનું ધ્યેય પાર નહીં પડે. આ એક વાસ્તવિક પરિસ્થિતિ છે. દુઃખની વાસ્તવિક પરિસ્થિતિ. હવે તે જ વિદ્યાર્થી પાસે થોડી વાર પછી તેનો મિત્ર આવે છે. ખાસ મિત્ર. એટલે તુરંત જ તે વાંચનારો

વિદ્યાર્થી પોતે જ ફટ દઈને પુસ્તક પડતું મૂકે છે. 'કેમ છે દોસ્ત. તું તો મળતોય નથી, યાર.'.. એમ પોતે જ વાતો કરવા મંડી પડે છે. ત્યારે તેનો મિત્ર તેને પરીક્ષા યાદ કરાવે છે. અને કહે છે - 'પછી નિરાંતે મળવા આવીશ. અત્યારે તું વાંચ.' તો આ વિદ્યાર્થી કહે છે કે 'એ તો વંચાશે. થઈ રહેશે, પણ તું બેસ. નિરાંતે વાત કર.' અને તે મિત્ર સાથે વાર્તાલાપનું સુખ લે છે. આ પણ એક વાસ્તવિક પરિસ્થિતિ છે. સુખની વાસ્તવિક પરિસ્થિતિ. વાંચન તો બંનેમાં અટક્યું છે. નુકસાન સરખું છે. સુખમાં ખબર નથી પડતી એટલી જ વિશેષતા છે.

લૌકિક સુખ-દુઃખ માયાનાં બે મહોરાં છે. એકમાં રડાવીને હેરાન કરે છે તો બીજામાં હસાવીને છેતરે છે. અધ્યાત્મવૃત્તિ તો બંનેમાં તૂટે છે. ભગવાન બંનેમાં ભુલાય છે. આ વાત સમજવામાં આપણે ભૂલા પડીએ છીએ. સત્પુરુષ આવી પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞતાનો આનંદ લેતા હોય છે. પરમાત્મસ્વરૂપમાં તલ્લીનતાનો આનંદ!

ભગવાન સ્વામિનારાયણે આ વાત લૂક તથા હિમના દાખલે સમજાવી છે. તેમણે કહ્યું - 'જેમ ઉનાળામાં લૂક હોય તથા જેમ શિયાળામાં હિમ હોય તેવું મનનું રૂપ દેખાયું. અને જેમ માણસના દેહમાં લૂક પેસે તથા હિમ પેસે ત્યારે તે માણસ મરી જાય છે, તેમ એ મન ઇન્દ્રિયો દ્વારે થઈને જ્યારે વિષય સન્મુખ જાય છે ત્યારે તે વિષય જો દુઃખદાયી હોય તો મન તપીને ઉનાળાની લૂક જેવું થાય છે અને તે વિષય જો સુખદાયક હોય તો તેને વિષે મન શિયાળાના હિમ જેવું થાય છે. તે જ્યારે દુઃખદાયી વિષયને ભોગવીને લૂક સરખું ઊનું થઈને જીવનાં હૃદયમાં પેસે છે, ત્યારે જીવને અતિશય દુખિયો કરીને કલ્યાણના માર્ગમાંથી પાડી નાંખે છે, એ તે લૂક લાગીને મરે તેમ જાણવું. અને જ્યારે એ મન સુખદાયી વિષયમાં સુખને ભોગવે ત્યારે ટાઢું હિમ સરખું થઈને જીવના હૃદયમાં પેસે છે અને જીવને સુખિયો કરીને કલ્યાણના માર્ગથી પાડી નાંખે છે, એ તે હિમાળાનો વા આવે ને મરે તેમ જાણવું. માટે જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહીં અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહીં, એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભાગવત સંત જાણવા.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૩)

આ રીતે દુઃખ અને સુખ બંને આંતરિક સ્થિરતાના વિઘાતક છે. વિઘાતકતામાં બંને સરખા. માત્ર ફેર એટલો જ કે તેમાં એક કડવું ઝેર છે જ્યારે બીજું ગળ્યું ઝેર છે. પણ બન્ને ઝેર તો છે જ.

આપણા માટે સુખના પ્રસંગો એટલે - ધનસમૃદ્ધિમાં અભિવૃદ્ધિ થતી હોય. સગવડો મળતી હોય અને સચવાતી હોય. માન-સન્માન મળતું હોય. બે માણસ પૂછતા હોય. લોકમાં પ્રશંસા થતી હોય. કોઈ કાર્યમાં સફળતા મળી હોય. મોટાં આયોજનોમાં આપણને ભેળવતા હોય. આપણી સલાહ લેવામાં આવતી હોય. સલાહનો સ્વીકાર થતો હોય. આપણો પક્ષ રખાતો હોય. લોકો અને અધિકારીઓ આપણો વિશ્વાસ કરતા હોય. લોકમાં સારું દેખાય એવાં કાર્યો કરવાની તક મળતી હોય. લોકોને રંજન કરી શકે એવી સંગીત, નૃત્ય, વક્તૃત્વકળા, ચિત્રકળા કે પછી એવી કોઈ પણ એકાદ આવડત હાંસલ કરી હોય અને એ આવડતની કદર થતી હોય. કાંઈ જોઈતું હોય ને મળે, મળે તેય પાછું જેવું તેવું નહીં, સારામાં સારું મળે, ઇચ્છ્યું હોય તે કરતાં વધારે મળે, જરૂરિયાત કરતાં પણ વિશેષ મળે. આ બધું પાછું વગર મહેનતે, સહેજે સહેજે મળી જાય. મળ્યા પછી કોઈ ઉપાડી ન જાય. કોઈ લઈ ગયો હોય તો સમયે પાછું આપી જાય. કાંઈ તૂટે-ફૂટે નહીં.

વળી, ગમતી વ્યક્તિનો સહવાસ મળી જાય. અણગમતી વ્યક્તિમાટે ટાઢા પાણીએ ખસ ગઈ એવો પ્રસંગ બની આવે. આપણાં વિરોધીનું કાંઈ બગડે, તેના અવગુણોની વાતો થતી હોય. આપણા સદ્‌ગુણોની નોંધ થતી હોય. તેની જાહેરાત થતી હોય. કોઈ આપણને પ્રેમ કરે. આપણી ચિંતા કરે. વારે-તહેવારે આપણને યાદ કરે. આપણી સેવા કરે ઇત્યાદિ. આ આપણા સુખમય પ્રસંગોની યાદી છે. આ યાદીને પણ આપણે લંબાવી શકીએ તેમ છીએ.

ગીતામાં આવાં સુખોની સ્પૃહા ન રાખવા ઉપર ભાર છે. સુખ મળે તેનો વાંધો નથી, પરંતુ તે સુખની સ્પૃહા-વાસના સામે વાંધો છે. દુનિયાનાં કોઈ પણ સુખને ભોગવીએ એટલે તેની વાસના બંધાયા વગર રહેતી નથી. એટલે સુખના પ્રસંગોમાં આપણે વધારે ચેતતા રહેવું પડે છે. કારણ કે આ પ્રકારના સુખના પ્રસંગોમાં આપણી પ્રત્યેક ક્રિયાઓ જુદા પ્રકારની થઈ જાય છે. અનુભવો પણ બદલાઈ જાય. બધું સારું લાગે. કામ કરવામાં કંટાળો ન આવે. વધારે પરોપકાર કરવાનું મન થાય. વધારે દયાભાવના જાગ્રત થાય. સારા અને ઉપયોગી વિચારોથી મન છલકાવા લાગે. શાંતિથી સૌને હળીએ મળીએ. આપણા વિરોધી માટે પણ ભૂંડા વિચારો ન આવે. પૂજા-પાઠ વ્યવસ્થિત થાય. જાણે જીવનનું કોઈ રહસ્ય પામી ચૂક્યા હોઈએ એવું લાગે... વગેરે. આવા તો કેટકેટલાંય અનુભવો થવા લાગે. પરંતુ જ્યારે અંતર્દષ્ટિ કરીને આત્મનિરીક્ષણ કરવા બેસીએ ત્યારે ખબર પડે છે કે હું એક બહુ મોટી અણસમજણમાં જીવી રહ્યો છું. ખોટા માપદંડોથી જીવનને મૂલવી રહ્યો છું. ઉપરોક્ત મારા બધા જ અનુભવોનું મૂળ પ્રેરકબળ તો મને કોઈક લૌકિક સુખ મળી ગયું છે તે છે. મને મારા દેહાભિમાનના પોષણમાંથી જન્મેલો આનંદ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે તેમાંથી આવી અનુભૂતિઓ ઊગી નીકળી છે. જે કાયમી નથી રહેવાની. જેમ કે જે દિવસે આપણને માન-સન્માન મળે અથવા તો મનગમતી સુખ-સગવડ મળી રહે, તે દિવસે આપણે વધુ ઉત્સાહમાં હોઈએ છીએ, વધુ સહનશીલ હોઈએ છીએ, પરંતુ હકીકતે આપણા એ ઉત્સાહનું કે સહનશીલતાનું કારણ એ નથી હોતું કે આપણે ખરેખર ઉત્સાહી કે સહનશીલ છીએ, પરંતુ દેહાભિમાનરૂપી મૂળમાં જળસિંચન થયું તેમાંથી ખીલેલી એ કૂંપળો છે. આથી જ જેવાં માન-સન્માન મળતાં બંધ થશે કે સુખ-સગવડો ઘટશે કે તરત જ ઉપર કહ્યામાંથી એકેય અનુભવ નહીં થાય. એટલું જ નહીં, પરંતુ તેનાથી વિપરીત અનુભૂતિઓ થવા લાગશે. દુનિયા આખી બગડી ગયેલી લાગશે. કોઈને કોઈની પડી નથી એવું લાગશે. કોઈની ઉપર ઉપકાર કરવા જેવો નથી, એવું લાગવા માંડશે. પૂજા-પાઠ નકામાં લાગશે.

આથી સુખના પ્રસંગોમાં પણ આપણી આંતરિક સ્થિરતા ખોરવાઈ ન જાય તે માટે ગીતા આપણને સ્થિતપ્રજ્ઞતાની ભૂમિકાએ લઈ જવા ઇચ્છે છે. દુઃખમય ઘટનાઓમાં વિષાદ નહીં અને સુખમય ઘટનાઓમાં પ્રસાદ નહીં - એવી સમરસતા બક્ષવા ઇચ્છે છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે આ પ્રકારની સ્થિતપ્રજ્ઞતા તો જડતાના પર્યાય જેવી લાગે છે. આવી સ્થિતિ પામવાથી તો સાવ અવળું જ થાય. જીવન નીરસ અને નિરાનન્દ બની જાય. આપણે સૌ મનુષ્ય મટીને જાણે મશીન થઈ જઈએ, પરંતુ મનુષ્ય કોઈ યંત્ર (મશીન) નથી. યંત્રને કોઈ દુઃખ નથી હોતું, ન તો સુખ. તે સુખમાં અને દુઃખમાં સમાન હોય છે. તો શું આપણે એવાં યંત્ર બની જવાનું છે? જડ અને લાગણીહીન બની જવાનું છે?

સમાધાનમાં ગીતા કહે છે આ સ્થિતપ્રજ્ઞતા જડતાની સ્થિતિ નથી. સ્થિતપ્રજ્ઞતા તો જગન્નિરપેક્ષ પરમ આનંદથી ભરી-ભરી હોય છે. પ્રસન્નચેતસ્ત્વથી

છલકાતી હોય છે. યંત્રમાં આવો આનંદ કે પ્રસન્નચેતસ્ત્વ ન હોઈ શકે. સ્થિતપ્રજ્ઞતાને પામેલા પુરુષો તો सर्वभूतहिते रता: કહેતાં જીવ-પ્રાણીમાત્રનું હિત કરવામાં તત્પર હોય છે. आत्मना तुष्ट: કહેતાં પરમાત્મસાક્ષાત્કારથી જન્મેલા પરમતૃપ્તિના ભાવથી છલકાતા હોય છે. કૃતાર્થપણાનો ભાવ ઊભરાતો હોય છે. યંત્રમાં આવું કાંઈ હોતું નથી. તેનામાં ન તો કોઈનું હિત કરવાની તત્પરતા હોય, ન તો પરમતૃપ્તિનો કે કૃતાર્થપણાનો ભાવ. તે તો જડ જ છે. જડ વસ્તુઓમાં ભાવનાઓ કે સંવેદનાઓ ક્યારેય સંભવી શકે નહીં. જ્યારે ગીતામાં અલૌકિક આનંદની અનુભૂતિ માટે જ તો સ્થિતપ્રજ્ઞતાનો ઉપદેશ છે. માટે અહીં જે સુખ-દુ:ખથી પર થવાનો ઉપદેશ છે તે લૌકિક, માયિક કે જગત-વાસનાથી અનુભવાતાં સુખ-દુ:ખના સંદર્ભમાં છે.

આમ, ઉપરથી સ્થિતપ્રજ્ઞતા જડતા જેવી લાગે, પરંતુ તે બંને વચ્ચે તો જમીન-આસમાનનો ફરક છે.

આ રીતે ગીતા આપણને સુખના પ્રસંગોને પણ પચાવતાં શીખવે છે. સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરનાર મનુષ્યમાં આવાં સુખોને પચાવવાની શક્તિ સહજ હોય છે. તેઓ પરમાત્માનો આનંદ એટલો બધો ભોગવતા હોય છે કે તેમના માટે આ લૌકિક સુખની સ્પૃહાનો કોઈ સવાલ જ ઊભો થતો નથી.

એક બનેલી ઘટના દ્વારા આ વાત સમજીએ. ૧૯૮૫માં ઇંગ્લેન્ડના ભક્તોના આગ્રહથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો સુવર્ણતુલા મહોત્સવ લંડન ખાતે ઊજવવાનું નક્કી થયું. સંપ્રદાયની દૃષ્ટિએ આ ખૂબ મોટું સન્માન હતું. સ્વામીશ્રી પ્રથમ તો સહમત ન થયા અને કહ્યું કે સાધુની સુવર્ણતુલા ન હોય. પછી ભક્તોએ ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રી સાકર તુલા માટે તૈયાર થયા. પ્રથમ સ્વામીશ્રીની સાકરથી તુલા થાય અને પછી એ સાકરની સામે સુવર્ણ મૂકી તુલા કરવામાં આવે તેમ નક્કી થયું. તે દિવસે હજારો ભક્તોની ઉપસ્થિતિમાં આ સુવર્ણતુલા મહોત્સવ ખૂબ ભવ્યતાથી ઊજવાઈ રહ્યો હતો. આ એક પ્રસંગ માટે જ વિશાળ ભૂમિ પર ભવ્ય અને કલાત્મક પ્રવેશ દ્વારો ખાસ ઊભાં કર્યાં હતા. મહોત્સવના પટાંગણમાં વાંસ-કંતાનના આબેહૂબ મંદિરો ઊભાં કરાયાં હતાં. ભવ્ય સભાનું આયોજન થયું હતું. મોટા મોટા મહાનુભાવો ઉપસ્થિત હતા. આખી સભામાં જય જય કાર થઈ રહ્યો હતો. સ્વામીશ્રીનો આ પ્રભાવ જોઈ સૌ કોઈને હર્ષ થઈ રહ્યો હતો. વિદેશની ધરતી પર કોઈ ભારતીય સાધુનું આ પ્રકારનું સન્માન એ વિશિષ્ટ ઘટના હતી. સુવર્ણતુલાની ક્ષણ આવતા તો સૌનાં હૈયાં હર્ષઘેલાં થઈ નાચી ઊઠ્યાં. તાળીઓના ગડગડાટ સાથે જોર-જોરથી પ્રમુખસ્વામી મહારાજની જય... પ્રમુખસ્વામી મહારાજની જય... એમ નારાઓ ગુંજવા લાગ્યા. કોઈ પણ વ્યક્તિ પ્રભાવિત થઈ જાય એવું એ વાતાવરણ હતું.

પરંતુ ભવ્ય સન્માનની સુખમય એ ક્ષણોમાં પ્રમુખસ્વામી મહારાજની જે પ્રતિક્રિયા હતી તે ગીતાના સ્થિતપ્રજ્ઞને યાદ કરાવી દે તેવી હતી. તેઓ નતમસ્તક હતા. હાથ જોડેલા હતા. ખોળામાં ઠાકોરજી લઈને બેઠા હતા. મુખ પર સહેજ પણ સન્માન પામ્યાનો ગર્વ ન હતો. એમાંય જ્યારે સભાના પ્રવક્તાએ જાહેરાત કરી કે હવે પ્રમુખસ્વામી મહારાજ આપણને સૌને આશીર્વાદની વર્ષા કરી લાભાન્વિત કરશે ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદમાં જે શબ્દો કહ્યા તે સૌને સ્તબ્ધ કરી ગયા.

સ્વામીશ્રીએ આરંભ કરતાં કહ્યું - પ્રથમ તો પરબ્રહ્મ સર્વાવતારી પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણને વંદન, જેમણે મને આ શરીર આપ્યું. પછી મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેમના આશીર્વાદ મને મળ્યા, જેમણે મને સ્વાકાર્યો. તેમની કૃપા ને આશીર્વાદ છે તો તમારી સામે ઊભો છું, તેમને લાખો વંદન. તેમની કૃપા ન હોત તો હું આ સ્થાને ઊભો ન હોત (બોલતાં બોલતાં ગળગળા થઈ ગયા). તેમણે આશીર્વાદ ને સેવા કરવાની તક આપી તે મારાં અહોભાગ્ય. તેમણે મને શક્તિ આપી એથી હું સેવા કરી શક્યો. વળી, ભારતના સંતો, પંડિતોના આશીર્વાદ, અને આપ સૌના સહકાર વિના આ કાર્ય ન થાય... હું જ કરી શકું તે મિથ્યા સમજણ છે. સર્વકર્તા પરમાત્મા છે. ભગવાનની મરજી વગર સૂકું પાંદડું પણ હાલતું નથી. ભગવાનની શક્તિથી સર્જન-પાલન-સંહાર થાય છે. ભગવાનની શક્તિ વગર શેકેલો પાપડ પણ ભાંગે નહીં...

સમગ્ર આશીર્વાદ દરમ્યાન સુવર્ણતુલાના ભવ્ય સન્માનથી મને આનંદ થયો એવા ભાવનો એક શબ્દ પણ ન આવ્યો. ઉપસ્થિત સૌ કોઈને અનુભવ થયો કે સ્વામીશ્રીને આવાં સુખમય સન્માનોની કોઈ સ્પૃહા નથી. ગીતાની સ્થિતપ્રજ્ઞતાનો આ જીવંત દાખલો હતો. દુ:ખના પ્રસંગોમાં ઉદ્વેગ વગર જીવનારા સ્વામીશ્રી સુખના પ્રસંગોમાં છકી પણ નથી જતા, એમના આંતરિક ભાવો કે સમજણો ચૂંથાઈ નથી જતાં અને અત્યંત સ્થિરતા ધરી રહે છે એ નજરે જોવા મળ્યું. આવી સ્થિતપ્રજ્ઞતા જ તેમની પરમ શાંતિનું રહસ્ય છે.

એવી પરમ શાંતિ આપણે પણ અનુભવી શકીએ, જો આપણે પણ ગીતામાં કહેલી સ્થિતપ્રજ્ઞતાને આપણા જીવનમાં ઘૂંટીએ, દુ:ખમાં રડીએ નહીં, હાય-હાય ન કરીએ અને સુખમાં છકી ન જઈએ, વાહ-વાહ ન કરીએ.

આમ दु:खेषु अनुद्विग्नमना: सुखेषु विगतस्पृह: એમ કહીને ગીતા આપણને અધ્યાત્મના ઉચ્ચ પ્રદેશોમાં લઈ જાય છે. જીવનને પરમાનંદમય બનાવે છે. અસ્તુ. ◆